નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date 14 DECEMBER 2024 | SATURDAY | Page :8 | Year : 2 | Issue :216 | Price: 2/-




ગુજરાતમાં ૧૦ વર્ષમાં માર્ગ અકસ્માતોમાં ૭૫૭૩૮ના મોત

જુઓ પેજ નં.૪



# મહાકુંભમાં એકતાનો મહાયજ્ઞ થશે, પ્રયાગરાજમાં મહાકુંભને લઈને રચાશે ઈતિહાસઃ વડાપ્રધાન

- **મોદીએ કહ્યું મહાકુંભ એ આપણી આસ્થા, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનો દિવ્ય તહેવાર છે**
- **PMએ અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું**

પ્રયાગરાજ, તા. ૧૩ઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શુક્રવારે લગભગ ચાર કલાક સુધી પ્રયાગરાજની મુલાકાત લીધી હતી, જે દરમિયાન તેમણે મહાકુંભ મેળા માટેના વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું અને લગભગ રૂ. ૫૫૦૦ કરોડના ખર્ચે અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું હતું. નિરીક્ષણ બાદ જનતાને સંબોધતા તેમણે મુખ્યમંત્રી યોગીના પ્રયાસોની પ્રશંસા કરી અને કહ્યું કે, પ્રયાગરાજમાં એક નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે.’ તેમણે કાર્યકરોનો આભાર માનીને ભાષણની શરૂઆત કરી હતી.


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જયારે સંદેશાવ્યવહારના આધુનિક માધ્યમો નહોતા ત્યારે કુંભ જેવી ઘટનાઓએ મોટા સામાજિક પરિવર્તનનો પાયો નાખ્યો હતોપ કુંભમાં સંત અને જ્ઞાની લોકો ભેગા મળીને સમાજના સુખ-દુઃખની ચર્ચા કરતા હતા, વર્તમાન અને ભવિષ્ય પર ચિંતન કરતાં હતા. આજે પણ કુંભ જેવી મોટી ઘટનાઓનું મહત્ત્વ એટલું જ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, હું ખાસ કરીને કર્મચારીઓ, મજૂરો અને સફાઈ કામદારોને અભિનંદન આપું છું જેઓ મહાકુંભને સફળ બનાવવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છેપ આવતા વર્ષે મહાકુંભનું આયોજન દેશની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઓળખને નવા શિખરે લઈ જશે. તેમણે કહ્યું કે, હું પૂરા વિશ્વાસ સાથે કહું છું કે જો મારે આ મહાકુંભનું વર્ણન કરવું હોય તો હું કહીશ કે આ એકતાનો આટલો મોટો યજ્ઞ હશે જેની સમગ્ર વિશ્વમાં ચર્ચા થશે. આ પ્રસંગની ભવ્ય અને દિવ્ય સફળતા માટે હું તમને શુભેચ્છા પાઠવું છું.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ ગંગા, યમુના, સરસ્વતી, કાવેરી, નર્મદા જેવી અસંખ્ય પવિત્ર નદીઓનો દેશ છે. આ નદીઓના વહેણની પવિત્રતા, આ તીર્થસ્થાનોનું મહત્ત્વ અને મહાનતા, તેમનો સંગમ, તેમનો સરવાળો, તેમનો સંયોગ, તેમનો પ્રભાવ, તેમનો મહિમા, આ છે પ્રયાગ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જયારે સંદેશાવ્યવહારના આધુનિક માધ્યમો નહોતા ત્યારે કુંભ જેવી ઘટનાઓએ મોટા સામાજિક પરિવર્તનનો પાર્યા નાખ્યો હતોપ કુંભમાં સંત અને જ્ઞાની લોકો ભેગા મળીને સમાજના સુખ-દુઃખની ચર્ચા કરતા હતા, વર્તમાન અને ભવિષ્યનું ચિંતન કરતા હતા. આજે પણ કુંભ જેવી મોટી ઘટનાઓનું મહત્ત્વ એટલું જ છે. આવી ઘટનાઓ દ્વારા દેશના ખૂણે-ખૂણે, સમાજ અને દેશમાં એક સકારાત્મક સંદેશ જાય છે, રાષ્ટ્રીય વિચારનો પ્રવાહ અવિરત વહેતો રહે છે.

# ભારતીય વાયુસેનાને ૧૨ નવી સુખોઈ મળશે

## સરકારે ઈંઅક સાથે ₹૧૩૫૦૦ કરોડની ડિલ પર હસ્તાક્ષર કર્યા, ફાઈટર પ્લેનના ૬૨% પાર્ટ્સ ભારતમાં જ બનશે



નવી દિલ્હીઃ રક્ષા મંત્રીએ ૧૨ સુખોઈ ફાઈટર જેટ (Su-30MKI) ખરીદવા માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) સાથે ૧૩૫૦૦ કરોડની ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. આ ફાઈટર જેટ બનાવવામાં ૬૨.૬ ટકા પાર્ટ્સ ભારતીય હશે. જેને HALના નાસિક ડિવિઝનમાં બનાવવામાં આવશે.રક્ષા મંત્રાલયે જણાવ્યું હતું કે, ’સરકારની આત્મનિર્ભર ભારત પહેલને પ્રોત્સાહન આપવા માટે, રક્ષા મંત્રાલય અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ વચ્ચે ૧૨ Su-30MKI જેટ અને તેની સાથે સંકળાયેલા ઉપકરણોની ખરીદી માટે એક ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.’ Su-30MKI એ રશિયન એરક્રાફ્ટ ઉત્પાદક સુખોઈ દ્વારા બનાવવામાં આવેલા ટુ સીટર મલ્ટી રોલ લોન્ગ ડિસ્ટેન્સ ફાઈટર જેટ્સ છે. આ હવે ભારતીય વાયુસેના માટે ઈંઅક દ્વારા લાઈસન્સ હેઠળ બનાવવામાં આવે છે. ૨ સપ્ટેમ્બરના રોજ, સુરક્ષા અંગેની કેબિનેટ કમિટી (CCS) એ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) પાસેથી સુખોઈ-૩૦MKI એરક્રાફ્ટ માટે એન્જિન ખરીદવાની મંજૂરી આપી હતી. આ કરાર હેઠળ HAL ભારતીય વાયુસેનાને ૨૬ હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ૨૪૦ એરો-એન્જિન પ્રદાન કરશે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ખાદ્ય ચીજોના ભાવ ૨૦૦ ટકા વધુ




ભારતમાં વિમાનમાં પ્રવાસ કરનારાઓની સંખ્યા દૈનિક પાંચ લાખના આંકડાને વટાવી ગઈ ત્યારે ઉડ્ડયન મંત્રાલયે કબૂતરની જેમ ગળું ફૂલાવીને તેની જાહેરાત કરી હતી. દેશના પાંચ લાખ લોકોએ એક જ દિવસમાં દેશની ભીતર વિમાનપ્રવાસ કરીને રેકોર્ડ નોંધાવ્યો હતો. લોકો હવે વધારે હવાઈ મુસાફરી કરવા લાગ્યા છે તેવી છાપ ઊભી થઈ હતી. કોરોનાકાળ પછી ભારતીયો વધુ આરામદાયક એવી હવાઈ મુસાફરી કરવાનું પસંદ કરવા લાગ્યા છે એવી અસર પણ ઊભી થઇ હતી.

જોકે દેશમાં ૬૬ જેટલા રૂટ પર વંદે ભારત ટ્રેન શરૂ થતાં પ્રવાસીઓ મુંબઇ, દિલ્હી, ચેન્નાઈ જેવાં શહેર જવા માટે તેનો ઉપયોગ કરવા લાગ્યા છે. એરપોર્ટ આમેય પરવડે એવા નથી રહ્યાં. એરપોર્ટ પર મળતી ચીજવસ્તુઓના સૌને ખટકે છે. તે બાબતનો ઊહાપોહ બે દિવસ પહેલાં ઠેઠ રાજ્યસભામાં થયો હતો. તે પછી તરત જ એરપોર્ટ પર મળતી ખાદ્ય ચીજોના ભાવોમાં ૫૦થી ૬૦ ટકાનો ઘટાડો કરી દેવાયો છે.એક તાજા સર્વેમાં મોટા ભાગના પ્રવાસીઓએ કહ્યું હતું કે એરપોર્ટ પર દરેક ખાવાની ચીજ માટે ૧૦૦થી ૨૦૦ ટકા રકમ વધારે ચૂકવવી પડે છે. દેશના ૩૦૯ જીલ્લાના ૨૮,૦૦૦ લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં વારંવાર એર ટ્રાવેલ કરતાં ૧૬,૦૦૦ લોકોને પણ સમાવી લેવાયા હતા. એરપોર્ટ પર મળતી ખાદ્ય ચીજોના ઊંચા ભાવને કારણે પ્રવાસીઓને લૂંટ જેવો અનુભવ થાય છે. ખાધ ચીજોના ભાવ એરેપોર્ટની બહાર સ્ટોલ કરતાં ક્યાંય ઊંતી હોવાથી પ્રવાસીઓમાં નારાજગી જોવા મળે તે સ્વાભાવિક છે.

આ સર્વેનો રિપોર્ટ બહાર આવતાંની સાથે જ રાજ્યસભામાં એરપોર્ટ પર ખાદ્ય ચીજોના અતિ ઊંચા ભાવનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટીના રાજ્યસાભાના સભ્ય રાઘવ ચઢ્ઢાએ રજૂઆત કરી હતી કે એરપોર્ટ ઓથોરિટી માલસામાન પર આડેધડ ચાર્જ લે છે અને વિમાન ભાડાં પણ બહુ વધતાં જાય છે. તેમણે એમ પણ કહ્યું હતું કે પાણીની બોટલ, જે બહાર ૨૦ રૂપિયાની મળે છે, તે એરપોર્ટ પર ૧૦૦ રૂપિયાની વેચાય છે. પાણી જેવી સવલતો તો એરપોર્ટ સત્તાવાળાઓએ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવી જોઈએ. તેમણે એરપોર્ટ પર કાર પાર્કિંગ માટે લેવાતા ઊંચા ભાડાનો પણ ઉલ્લેખ કર્યો હતો.એરપોર્ટ પર એન્ટ્રી લીધા પછી પ્રવાસી ખાદ્ય ચીજો ખરીદવા માટે બહાર જઇ શકતો નથી. પ્રવાસીઓ પાસે કોઈ વિકલ્પ નથી તે જાણી ગયેલા એરપોર્ટ પરના સ્ટોર્સવાળાઓએ લૂંટ શરૂ કરી હતી. એરપોર્ટ ઓથોરીટી સાથે ભેજામારી કરવાનો સમય મુસાફરો પાસે હોતો નથી એટલે લૂંટ ચાલુ રહી હતી, પરંતુ જ્યારથી મધ્યમવર્ગમાં હવાઈ મુસાફરી કરવાનું ચલણ વધ્યું છે ત્યારથી આ મુદ્દો લોકોને ખટકવા લાગ્યો હતો. એરપોર્ટ પર ચા-કોફીના ૨૦૦થી ૩૦૦ રૂપિયા, સમોસાના ૨૦૦ રૂપિયા, જમવાની થાળીના ૫૦૦ રૂપિયા અને પાણીની બોટલના ૧૦૦ રૂપિયા આપવા પડતા હતા.

મોલ, રેલ્વે સ્ટેશન કે એસટી સ્ટેન્ડ પરના સ્ટોર્સ કરતાં આ ભાવ લગભગ બમણો કે ત્રણ ગણો છે. એરપોર્ટ પર સ્ટોર્સ ધરાવનારને બહુ ઊંચું ભાડું ચૂકવવું પડતું હોવાથી તેનો બોજ તેઓ પ્રવાસીઓ પર ટ્રેન્સફર કરતા હોય છે, જેના કરાણે ખાદ્યચીજોના ભાવ આસમાને પહોંચે છે. વિમાન પ્રવાસીઓએ ઓરપોર્ટ ઓથોરિટીને ખાદ્યચીજોના ભાવ પ્રવાસીઓને પરવડે એવા રાખવાની માગણી કરી હતી. સર્વેમાં ભાગ લેનારામાં આર્થિક રીતે સંપન્ન લોકો પણ હતા. ૨૭ ટકા જેટલા મધ્યમવર્ગીય પ્રવાસીઓએ કહ્યું હતું કે બજારમાં ચાલતા ભાવો કરતાં ૨૦૦થી ૩૦૦ ટકા વધુ ભાવ લેવા પાછળનાં કારણો પણ બતાવવા જોઇએ.

# મહારાષ્ટ્રમાં પાવર માટે ખેંચતાણ પવારે નાણાં મંત્રાલયની જીદ પકડી, શિંદેને મનાવવા ભાજપમાં દોડાદોડ



મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારના કેબિનેટનું વિસ્તરણ ૧૪ ડિસેમ્બરે થવાની શક્યતા છે. ગુરૂવારે ડેપ્યુટી સીએમ અજિત પવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. તે સમયે તેમણે એનસીપીને ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ આપવાની માગ કરતાં ચીમકી પણ આપી હતી. પવારે કહ્યું કે, જો તેમને આ ખાતું સોંપવામાં ન આવ્યું તો મહાયુતિ સરકારનો કોઈ અર્થ રહેતો નથી. અજિત પવારની અમિત શાહ સાથેની મુલાકાત બાદ એનસીપીના પ્રવક્તા અમોલ મિટકરીએ આ અંગે જણાવ્યું હતું.

અમોલ મિટકરીએ જણાવ્યું હતું કે, અજિત પવારને નાણાં મંત્રાલય સોંપવામાં ન આવે તો સરકારનો કોઈ અર્થ રહેશે નહીં. ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત દરમિયાન અજિત પવાર સાથે પ્રફુલ પટેલ અને સુનીલ તટકરે અને અજિત પવારના પત્ની ઉપસ્થિત હતા. ૨૦૨૪ની ચૂંટણી પહેલાં શરૂ કરવામાં આવેલી મહારાષ્ટ્રમાં લાડલી બહેન યોજના અને ખેડૂતો માટે વીજ બીલ માફી જેવી યોજનાઓના લીધે સરકાર પર નાણાકીય બોજો પડે નહીં તેનું ધ્યાન અજિત પવાર સારી રીતે રાખી શકે છે. મહારાષ્ટ્રમાં નાણાકીય રીતે અનુશાસન માટે ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ અજિત પવારને જ સોંપવું જોઈએ. મિટકરીએ વધુમાં જણાવ્યું હતું કે, નાણાં મંત્રાલય અજિત પવાર માટે એકદમ યોગ્ય છે. તે ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ માટે પરફેક્ટ નેતા છે. અમને જાણવા મળ્યું છે કે, ગૃહ મંત્રાલય ભાજપને મળી રહ્યું છે. તે તેમના માટે યોગ્ય છે. પરંતુ નાણાં મંત્રાલય એનસીપી માટે અનુકૂળ છે. જો અજિત પવારને નાણાં મંત્રાલય સોંપવામાં ન આવે તો મહાયુતિ હોવાનો કોઈ અર્થ નથી.

સંસદ ભવનમાં શાહને મળ્યા બાદ અજિત પવારે કહ્યું કે અમે શેરડી મુદ્દે ચર્ચા કરી. મેં અમિત શાહને શેરડીના ભાવ વધારવા માટે પણ વિનંતી કરી હતી. તેમણે જાન્યુઆરી સુધીમાં નિર્ણય લેવાનું વચન આપ્યું હતું. અજિત પવારે કહ્યું કે કેબિનેટ વિસ્તરણ પર ૧૪ જાન્યુઆરીએ ચર્ચા કરવામાં આવશે. જો કે સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે કેબિનેટ વિસ્તરણની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી.

# કાશ્મીરમાં હીમવર્ષા યથાવત સીઝનમાં સૌ પ્રથમવાર મેદાના વિસ્તારમાં બરફ વરસ્યો

જમ્મુ,તા.૧૩

જમ્મુ-કાશ્મીરમાં શિયાળાની ઋતુમાં પહાડો ઉપર હીમવર્ષા બાદ હવે સીઝનમાં સૌ પ્રથમવાર મેદાન વિસ્તારોમાં બરફ વર્ષા થઈ છે કાશ્મીરનાં પુલવામાં અને બારમુલાના મેદાન વિસ્તારો સાથે અનંતનાગ, બડગામ, બાંદી પોરા, ગુલમર્ગ, સોનમર્ગ,તંગમાર્ગ, ગુરૈજ અને ઝોઝીલા દરે વિસ્તારમાં હળવી હીમવર્ષા થઈ રહી છે.જેના પગલે શ્રીનગર - લેહ રાજમાર્ગ બંધ કરવામાં આવ્યો છે. હાઈવે પર વાહન વ્યવહાર માટે મસીનો મદદથી બર્ફ હટાવવાની કામગીરી ચાલી રહી છે. શ્રીનગર સાથે નૈનીતાલમાં ૪ ડિગ્રી તાપમાન સાથે હીમવર્ષાના પગલે કડકડતી ઠંડીથી પર્યટકો પરભરી ઉઠયા હતાં. બીજી તરફ દિલ્હીમાં પણ ઠંડીએ દસ્તક દીધી છે. શ્રીનગરમાં હીમ વર્ષાના પગલે ઠંડી હવા ફુંકાતા દિલ્હી, એનસીઆરમાં ઠંડક પ્રસરી છે. સવારે ન્યુત્તમ તાપમાન ૪ ડિગ્રી



સુધી પહોંચતા ઠંડીનું મોજુ પ્રસરી વળ્યું છે. ઉત્તર ભારતના પહાડો પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પગલે દિલ્હી, પંજવ્વ,હરીયાણા રાજસ્થાનમાં ઠંડીનો વધારો થઈ રહ્યો છે.

# આંદોલનકારી ખેડૂતોને ગાંધીગીરી અપનાવવા સુપ્રિમની સલાહ : સરકારને બળપ્રયોગ સામે ચેતવણી

## વિરોધ પ્રદર્શન સ્થગિત કરીને હાઈવે પરથી હટી જવા તાકિદ: સરકારી પ્રતિનિધિઓને ઉપવાસી ખેડૂત નેતાને મળવા સૂચન




નવી દિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટે આંદોલનકારી ખેડૂતોને ગાંધીવાદી પદ્ધતિઓ અપનાવવાની સલાહ આપી છે. વિરોધ પ્રદર્શનને અસ્થાયી રૂપે સ્થગિત કરવા અને હાઈવેથી દૂર જવા માટે પણ કહ્યું હતું. આ સિવાય સુપ્રીમ કોર્ટે પંજાબનાં ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલની બગડતી તબિયત પર ચિંતા વ્યક્ત કરી છે.

કોર્ટે પંજાબ અને કેન્દ્રને ખેડૂત નેતાને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવા અને તેમને આમરણાંત ઉપવાસ તોડવા માટે સમજાવવા જણાવ્યું હતું. તેણે સરકારી પ્રતિનિધિઓને તુરંત જ દલ્લેવાલને મળવા માટે પણ કહ્યું, પરંતુ તેનાં વિરોધને તોડવા માટે કોઈપણ બળનો ઉપયોગ કરવા સામે ચેતવણી આપી હતી.

દલ્લેવાલ ૨૬ નવેમ્બરથી પંજાબ અને હરિયાણાની ખનૌરી બોર્ડર પર પાક પર એમએસપીની કાયદેસર ગેરંટી સહિત આંદોલનકારી ખેડૂતોની માંગણીઓના સમર્થનમાં કેન્દ્ર પર દબાણ લાવવા માટે આમરણાંત ઉપવાસ પર છે.

સંયુક્ત કિસાન મોરચા અને કિસાન મજદૂર મોરચાના બેનર હેઠળ ખેડૂતો ૧૩ ફેબ્રુઆરીથી પંજાબ અને હરિયાણા વચ્ચેનાં શંભુ અને ખનૌરી બોર્ડર પોઈન્ટ પર કેમ્પ કરી રહ્યાં છે. ૧૩ ફેબ્રુઆરીએ સુરક્ષા દળોએ તેમને દિલ્હી તરફ જતાં રોક્યા હતાં.

અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ખેડૂતો અને તેમનાં સંગઠનોએ પંજાબમાં તમામ રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો અનિશ્ચિત સમય માટે બંધ કરી દીધાં છે. અરજદારે આંદોલનકારી ખેડૂતોએ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રેલ્વે ટ્રેકને બ્લોક ન કરવા વિનંતી કરી હતી. જો કે, પંજાબમાં જ્યાં ખેડૂતો વિરોધ કરી રહ્યાં છે તેવાં હાઈવે પરનાં નાકાબંધી દૂર કરવા માટે કેન્દ્ર અને અન્યને નિર્દેશ માંગતી અરજી કોર્ટે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે આંદોલનકારી ખેડૂતોને ગાંધીવાદી પદ્ધતિઓ અપનાવવાની સલાહ આપી છે. વિરોધ પ્રદર્શનને અસ્થાયી રૂપે સ્થગિત કરવા અને હાઈવેથી દૂર જવા માટે પણ કહ્યું હતું. આ સિવાય સુપ્રીમ કોર્ટે પંજાબનાં ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલની બગડતી તબિયત પર ચિંતા વ્યક્ત કરી છે.

કોર્ટે પંજાબ અને કેન્દ્રને ખેડૂત નેતાને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવા અને તેમને આમરણાંત ઉપવાસ તોડવા માટે સમજાવવા જણાવ્યું હતું. તેણે સરકારી પ્રતિનિધિઓને તુરંત જ દલ્લેવાલને મળવા માટે પણ કહ્યું, પરંતુ તેનાં વિરોધને તોડવા માટે કોઈપણ બળનો ઉપયોગ કરવા સામે ચેતવણી આપી હતી. દલ્લેવાલ ૨૬ નવેમ્બરથી પંજાબ અને હરિયાણાની ખનૌરી બોર્ડર પર પાક પર એમએસપીની કાયદેસર ગેરંટી સહિત આંદોલનકારી ખેડૂતોની માંગણીઓના સમર્થનમાં કેન્દ્ર પર દબાણ લાવવા માટે આમરણાંત ઉપવાસ પર છે.

# રાજકોટથી ઉપડતી ૩૫ ટ્રેનમાં ૧૬૬ સુધીનું વેઈટિંગ છતાં નવી ૬ ટ્રેન ન મળી

## વર્ષે ૫૦ હજાર પ્રવાસી પણ વિદેશની ફ્લાઈટના ફાંફાં: સપ્ટેમ્બર-૨૦૨૩માં ૬ ટ્રેન રાજકોટ સુધી લંબાવવાનો અને ઓક્ટોબરથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાતનો ફિયાસ્કો!



રાજકોટ,તા.૧૪

સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટથી રોજ ઉપડતી અને દેશના અલગ-અલગ રાજ્યોમાં જતી ટ્રેનમાં લગભગ દરરોજ ૧૬૬ સુધીનું વેઈટિંગ હોય છે. આ બાબતે રજૂઆત થયા બાદ અમદાવાદ રેલવે સ્ટેશન પર ૨૦ કલાકથી વધુ પડી રહેતી અને બહારના રાજ્યમાં જતી ૬ ટ્રેન રાજકોટ સુધી લંબાવવાની ૧૪ મહિના પહેલા કેન્દ્રના મંત્રીએ જાહેરાત કરી હતી. ત્યારે રાજકોટને વધુ ટ્રેન મળશે અને વધુ લોકો સસ્તી મુસાફરી કરશે તેવું સૌને લાગી રહ્યું હતું.

જો કે, આ આશા હજુ સુધી તો ઠગારી જ નીવડી છે. બીજીબાજુ સૌરાષ્ટ્રમાંથી વર્ષે ૫૦ હજાર જેટલા પ્રવાસીઓ વિદેશ જાય છે. રાજકોટમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ તો બનાવાયું પણ અગાઉ જે જાહેરાત કરાય તે મુજબ ઈન્ટરનેશનલ એક પણ ફ્લાઈટ શરૂ કરાય નથી. આથી વિદેશ જનારા લોકોને અમદાવાદ સુધીનો આર્થિક ખર્ચ કરવો પડે છે. અને સમયનો પણ વ્યય થાય છે.

ગત સપ્ટેમ્બર મહિનામાં રેલ રાજ્યમંત્રી દ્વારા અમદાવાદથી ઉપડતી અને આવતી કુલ ૬ જેટલી ટ્રેનને રાજકોટ સુધી લંબાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે આ જાહેરાતને ૧ વર્ષથી વધુ સમય વીતી જવા છતાં ટ્રેનોને લંબાવવામાં આવી નથી. તાજેતરમાં જ રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાએ રેલવેના કાર્યક્રમ દરમિયાન જ આ ૬ ટ્રેન મામલે ઉઘરાણી કરતા જાહેરમંચ પરથી કહ્યું હતું કે, હજુ સુધી આ ટ્રેન કેમ રાજકોટ સુધી લંબાવી નથી. અમદાવાદથી ઉપડતી જે ૬ ટ્રેન રાજકોટ સુધી લંબાવવા જાહેરાત કરાઈ હતી તેમાં પટના એક્સપ્રેસ, પ્રયાગરાજ એક્સપ્રેસ, કોલકાતા એક્સપ્રેસ, કોલ્હાપુર એક્સપ્રેસ, પ્રેરણા એક્સપ્રેસ, હજરત નિઝામુદ્દીન એક્સ. (અક્ષરધામ એક્સપ્રેસ)નો સમાવેશ થાય છે. જોકે આ પૈકીની કોઈ ટ્રેન આજદિન સુધી લંબાવવામાં આવી નથી. જો આ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવે તો રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્રભરના મુસાફરોને મોટી રાહત મળી શકે તેમ છે.

ઓખા-જયપુર એક્સપ્રેસ, પોરબંદર-સિકંદરાબાદ, ઓખા-તૂતીકોરિન, રાજકોટ-સિકંદરાબાદ, રાજકોટ-કોઈમ્બતૂર, હાપા-માતા વૈષ્ણોદેવી એક્સપ્રેસ, વેરાવળ-તિરુવનંતપુરમ, ઓખા-એર્નાકુલમ, પોરબંદર- સાંતરાગાછી, સોમનાથ-જબલપુર એક્સપ્રેસ, રાજકોટ-દિલ્હી સરાઈ રોહિલ્લ, રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ, ઓખા-રામેશ્વરમ, રાજકોટ-વારાણસી, રાજકોટ-બાંદ્રા, રાજકોટ-મડગાંવ સપ્ટેમ્બર-૨૦૨૩માં રાજકોટનું નવું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શરૂ થયું હતું જેને આજે ૧૪ મહિના જેટલો સમય થઇ ગયો છે, પરંતુ અહીંથી હજુ સુધી એકપણ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ઊડી શકી નથી.

**માર્ગ દુર્ઘટના રોકવા શ્રેણીબદ્ધ પગલા છતાં સિલસિલો અટકતો નથીઃ સૌથી વધુ માર્ગ અકસ્માતોમાં મોત ઉતરપ્રદેશમાં ગુજરાત ૮માં ક્રમે ૨૦૩૦ સુધીમાં દુર્ઘટના મોત ૫૦ ટકા ઘટાડવા સરકાર કટીબદ્ધઃ નીતીન ગડકરી**



# ગુજરાતમાં ૧૦ વર્ષમાં માર્ગ અકસ્માતોમાં 75738 ના મોત

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત સહિત દેશભરમા વધતા માર્ગ અકસ્માતો વિશે સરકાર ચિંતીત છે અને તે અટકાવવા માટે વખતોવખત નવા પગલા જાહેર થતા હોવા છતાં દુર્ઘટનાનો સિલસિલો અટકતો નથી. ગુજરાતમાં ૨૦૧૩થી ૨૦૨૨ના ગાળા દરમ્યાન માર્ગ અકસ્માતોમાં ૭૫૭૩૮ લોકોએ જાન ગુમાવ્યા હતા અને દેશમાં સૌથી વધુ અકસ્માત મોતમાં આઠમુ રાજય બન્યુ હતું.

લોકસભામાં રજુ કરાયેલા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ૨૦૧૬થી ૨૦૨૨ના સાત વર્ષના ગાળામાં માર્ગ અકસ્માતમાં ૪૦૭૨ સગીર (૧૮ વર્ષથી ઓછી ઉંમર) ભોગ બન્યા હતા. ૧૮થી૨૫ વર્ષના ૧૦૪૨૬, ૨૫થી૬૦ વર્ષના ૩૫૭૨૫ તથા ૬૦ વર્ષથી વધુ વયના ૩૦૯૫ લોકો મોતને ભેટયા હતા. છેલ્લા ૧૦ વર્ષમાં માર્ગ અકસ્માતોમાં સૌથી વધુ ૧૯૭૨૮૩ મોત ઉતરપ્રદેશમાં નોંધાયા હતા. બીજા ક્રમે તામીલનાડુમાં ૧૬૫૮૪૭, મહારાષ્ટ્રમાં ૧૨૦૬૧૩, કર્ણાટકમાં ૧૦૬૫૪૪, મધ્યપ્રદેશમાં ૧૦૪૮૭૪, રાજસ્થાનમાં ૧૦૨૭૧૨ તથા આંધ્રપ્રદેશમાં ૮૬૦૩૫ લોકોનો ભોગ લેવાયો છે. કેન્દ્રીય પરિવહનમંત્રી નીતીન ગડકરીએ લેખિત જવાબમાં કહ્યું હતું કે ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માત તથા મોતની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો કરવા માટે સરકાર કટીબદ્ધ છે. આ માટે માર્ગોની ડીઝાઈનમાં જરૂરી ફેરફારો કરવા સહિતના માર્ગ સલામતીના કદમ ઉઠાવવામાં આવી રહ્યા છે. તેઓએ કહ્યું કે, જોખમી બ્લેકસ્પોટ ગણાતા માર્ગોમાં ઈલેકટ્રોનીક ઉપકરણોથી મોનીટરીંગ ગીચ વધુ ટ્રાફીક ધરાવતા માર્ગો માટે ખાસ કદમ ભરવા સહિતના પગલા લેવામાં આવી રહ્યા છે.ચાર વર્ષમાં ૨.૫૭ લાખ ટુ-વ્હીલર ચાલકો અકસ્માતોમાં ભોગ બન્યા

પગપાળા જતા ૧.૧૧ લાખ લોકોએ પણ જીવ ગુમાવ્યા કેન્દ્ર સરકારે રજુ કરેલા આંકડાકીય રિપોર્ટ પ્રમાણે ૨૦૧૯થી ૨૦૨૨ના ચાર વર્ષના સમયગાળામાં દેશમાં ૨.૫૭ લાખ ટુ-વ્હીલર ચાલકો માર્ગ અકસ્માતોમાં મોતને ભેટયા હતા. આ સિવાય પગપાળા જતા ૧.૧૧ લાખ લોકોનો પણ વાહનોની ટકકર લાગવાની ઘટનાઓમાં ભોગ લેવાયો હતો. આ જ સમયગાળામાં ૧૮૦૫૦ સાયકલ સવારો, ૮૨૩૦૧ કારમાં સવાર લોકો તથા ૪૩૪૧૧ ટ્રકમાં સવાર લોકોનો ભોગ લેવાયો હતો. વાહનચાલકોનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે.

# સુરતની જેમ રાજકોટનો પણ ખાસ ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન બનાવાશે : સીએમ ભુપેન્દ્રભાઇ



## ૨૨ નવી સીએનજી બસનો પ્રારંભ–નવી ૧૦૦ મંજૂર લોકોની રોટી, કપડા ઔર મકાનની મુળભુત જરૂરિયાત પૂરી કરવા ડબલ એન્જીન સરકાર સંકલ્પબધ્ધ : મેયર નયનાબેન

રાજકોટ, તા. ૧૩

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પશ્ચિમ રાજકોટના રૈયા વિસ્તારમાં નિર્માણ કરવામાં આવેલ ભવ્ય અટલ સ્માર્ટ સીટી સહિત ચાર નવા વિકાસ કામોના લોકાર્પણ, પાંચ કામોના ખાતમુહૂર્ત મળી ૭૯૩.૪૫ કરોડના કામો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે આજે રાજકોટને અર્પણ કર્યા છે. કોર્પો. દ્વારા નિર્મિત ૧.૫ બીએચકેના ૧૦૧૦ તથા રૂડાના ૨૧૦ ખાલી આવાસ યોજનાના લાભાર્થીઓને કવાર્ટરનો કોમ્પ્યુટરાઇઝડ ડ્રો પણ આજે રેસકોર્સ ખાતે કરવામાં આવ્યો હતો.

આજે જુદા જુદા વિકાસ કામોના ઉદઘાટન અને ભૂમિપૂજન બાદ રેસકોર્સ ખાતે ટુંકા સમારોહમાં લોકોને સંબોધન કરતા ભુપેન્દ્રભાઇ પટેલે ૨૦૪૭ના વિકસીત ભારતના નિર્માણમાં ગુજરાતના મજબુત યોગદાનની વાત કરતા જણાવ્યું હતું કે ડબલ એન્જીન સરકાર સેવા, સમર્પણ અને સંકલ્પ સાથે કામ કરી રહી છે. શહેરીકરણના વિસ્તાર સાથે વડાપ્રધાને આ વિકાસનું બજેટ પણ વધાર્યુ છે.

૨૦૦૨માં આ બજેટ ૭૫૬ કરોડ હતું જે હવે ૨૧ હજાર કરોડ થયું છે. ૨૦૪૭માં ૭૦ ટકા વસ્તી શહેરોમાં રહેતી હોવાના અંદાજ સાથે આયોજન કરાઇ રહ્યા છે. સુરતના ખાસ વિકાસ માટે સરકારના નીતિ આયોગે ખાસ સુરત ઈકોનોમીક ડેવલપમેન્ટ પ્લાન બનાવ્યો છે. આ જ રીતે રાજકોટના સર્વગ્રાહી વિકાસ માટે પણ ખાસ ઈકોનોમીક ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવશે. આ માત્ર અમૃત કાળ નહીં પરંતુ કર્તવ્ય કાળ ચાલી રહ્યો છે.

આ કાર્યક્રમમાં ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવેલ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જે વિકાસની રાજનીતિનો નવો ઈતિહાસ રચ્યો છે તેમના દિશા દર્શનમાં વિકસેલી આ રાજનીતિને ગુજરાતની જનતા જનાર્દનએ ડિસેમ્બર ૨૦૨૨માં ઐતિહાસિક જનાદેશ આપીને અમને જન સેવાની વધુ એક તક




તસવીરઃ આનંદ સોમૈયા

આપી છે.

એ જનસેવાની પાછલા બે વર્ષમાં આપણી આ ડબલ એન્જીન સરકારે સેવા સંકલ્પ અને સમર્પણથી કર્તવ્યબદ્ધ રહીને પુરી નિષ્ઠાથી વિકાસનો અવસર બનાવી છે. આ સરકારની સફળતાસૌના આશીર્વાદથી ગઈકાલે ૨ વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ગુડ ગવર્નન્સ સરકારનો વિકાસ આગળ ધપતો રહેશે.

ગુજરાતનું બજેટ વધાર્યું જેનાથી વિકાસ સતત વધતો રહે છે. રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટને જુદા જુદા વિકાસના કામો માટે મહત્તમ ગ્રાંટ ફાળવેલ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારથી દેશનું સેવા દાયિત્વ સંભાળ્યું છે ત્યારથી દેશમાં ઇઝ ઓફ લિવિંગ સતત વધતું રહ્યું છે અને હેપીનેસનું પ્રમાણ વધ્યું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના ગુજરાત ૧૪ લાખ આવાસોના નિર્માણ સાથે દેશમાં પ્રથમ સ્થાને છે.એમાં પણ રાજકોટનો લાઈટ હાઉસ પ્રોજેક્ટ દેશનો આઇકોનિક અને નરેન્દ્રભાઈ મોદીનો પ્રિય પ્રોજેક્ટ છે. આજે રાજકોટમાં વધુ ૧૨૨૦ આવાસોનો ડ્રોથયો છે. લોકોને પોતાના સ્વપનાનું ઘરનો લાભ પ્રાપ્ત થવાનો છે.

ટ્રાફિક પરિવહન હળવું અને પ્રદુષણ મુકત થાય તે માટે ૨૨ નવી સી.એન.જી.બસના લોકાર્પણથી રાજકોટની જનતાને વધુ સારી પરિવહન સેવા મળશે.આજે દેશભરમાં આઝાદીનો અમૃતકાળ ચાલી રહ્યો છે.આપણે સ્વચ્છતાને અપનાવીએ, વૃક્ષો વાવીએ, વિકસિત ગુજરાતના સંકલ્પ સાથે આપણે સૌ આગળ વધીએ અને ખરા અર્થમાં વિકસિત ભારતમાં સહયોગી બનીએ.

મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે રોટી, કપડા અને મકાન આ ત્રણ મૂળભૂત જરૂરિયાત પૂરી કરવા વિશ્વનેતા નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને રાજ્યના ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર આમ ડબલ એન્જિનવાળી સરકાર સતત ચિંતા કરી રહી છે.

**અદ્ભુત અટલ સ્માર્ટ સીટીના લોકાર્પણ, ખાતમુહૂર્ત સહિત ૭૯૩.૪૫ કરોડના વિવિધ વિકાસ કામો શરૂ કરાવતા મુખ્યમંત્રી આવાસ યોજનાઓનો ડ્રો પણ યોજાયો**

શહેરમાં ૩૩,૦૦૦ આવાસોનું નિર્માણ કરી, જરૂરિયાતમંદ પરિવારોને તેની ફાળવણી કરવામાં આવી છે. આ ટાઉનશીપમાં મકાનની સાથોસાથ ગેસની તથા પાણીની પાઈપલાઈન, કોમ્યુનિટી હોલ, આંગણવાડી, બાલક્રીંડાગણ સહિતની અદ્યતન સુવિધા પૂરી પાડવામાં આવે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના અવિરત સહયોગથી મહાનગરપાલિકાના રૂ.૭૯૩.૪૫ કરોડના વિકાસ પ્રકલ્પોના એકસાથે લોકાર્પણ-ખાતમુહૂર્ત થયા છે. રૈયા વિસ્તારમાં રૂ.૫૬૫.૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલ અટલ સ્માર્ટ સિટી સંકુલનું લોકાર્પણ, શહેરમાં રસ્તા-ડામર, બાંધકામ વિભાગ, ડ્રેનેજ નેટવર્ક, વોટર વર્કસ નેટવર્કના કામ સહિતના રૂ.૨૨૪.૨૬ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરાયું છે.

નવી ૨૨ સી.એન.જી.બસ અને ડ્રેનેજ શાખાના ઉપયોગ માટે ખરીદ કરવામાં આવેલ નવા ૭ જેટીંગ મશીન વાહનોનું ફ્લેગ ઑફ(લોકાર્પણ) કરાયું છે. શહેરમાં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે ૫ લાખ વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક છે.

આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી અને પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, કુંવરજીભાઈ બાવળીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, દુર્લભજીભાઈ દેથરીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેકટર પ્રભવ જોશી, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, મંત્રી બિનાબેન આચાર્ય, રૂડાના ચેરમેન જી.વી.મિયાણી, મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, ભાવેશભાઈ દેથરીયા, અશ્વિનભાઈ પાંભર, નીતિનભાઈ રામાણી, સુરેશભાઈ વસોયા, સુરેન્દ્રસિંહ વાળા, ડે.કમિશનર સી.કે. નંદાણી, કોર્પોરેટરો, અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર


# ‘PMJAYમા યોજનામાં હોસ્પિટલો માટે નવી SOP તૈયાર

## કાર્ડિયોલોજી, ઓન્કોલોજી, નિઓનેટલ કેર માટે સપ્તાહમાં માર્ગદર્શિકા આવશેઃ આરોગ્ય મંત્રીના અધ્યક્ષસ્થાને સમીક્ષા પૈસા માટે દર્દીઓ સાથે ખિલવાડ નહીં ચાલે એન્જીયોપ્લાસ્ટીની સીડી ફરજિયાત

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલ કાંડ બાદ -મા યોજના હેઠળ એમ્પેન્લ્ડ હોસ્પિટલ્સ માટે કાર્ડિયોલોજી, ઓન્કોલોજી (કેન્સર) અને નિઓનેટલ (બાળરોગ) સારવારની પ્રોસિઝર માટેની નવી માર્ગદર્શિકાને આખરી ઓપ અપાઇ રહ્યો છે. જેની સત્તાવાર જાહેરાત આગામી સપ્તાહે કરાશે.

આ માં -મા યોજના સંલગ્ન તમામ હોસ્પિટલે ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એકટ હેઠળ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું. જિલ્લા અને રાજકય સ્તરે અલાયદી સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટની ટીમો તૈયાર કરવી, એમ્પેન્લ્ડ હોસ્પિટલની ફરિયાદ આધારીત અને શંકાસ્પદ કામગીરી સંદર્ભે આકસ્મિક મુલાકાત કરીને જરૂરી કાર્યવાહી કરવી. કેન્સરની કેટલીક ટ્રીટમેન્ટ માટે ટ્યુમર બોર્ડનું સર્ટીફીકેટ ફરજિયાત કરવું અને તેના માટે દ્વારા ઓનલાઇન પોર્ટલ વિકસાવવા જેવી સંખ્યાબંધ નવી બાબતોનો સમાવેશ કરાશે.




ગાંધીનગર ખાતે આરોગ્ય વિભાગના અગ્રસચિવ ધનંજય દ્વિવેદી, આરોગ્ય કમિશનર હર્ષદ પટેલ, નેશનલ હેલ્થ મિશનના મેનેજિંગ ડાયરેકટર રમ્યા મોહન, રાજયની વિવિધ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલના નિષ્ણાંત તબીબોની ઉપસ્થિતિમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં યોજનાની સમીક્ષા બેઠક યોજાઇ હતી.

જેમાં આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, પૈસાની લાલચમાં દર્દીઓ સાથે ગેરરીતિ આચરતા લોકો માટે આ નવી માં પણ અવકાશ ન રહે તેનું સંપૂર્ણપણે ધ્યાન રાખવામાં આવ્યું છે. આ યોજના હેઠળ મળતી સારવારને વધુ સરળ, સુગમ્ય અને સમગ્ર વ્યવસ્થાને સુદ્રઢ બનાવવાના પ્રયત્નો હાથ ધરાયા છે. -મા યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ્સ માટે કાર્ડિયોલોજી, ઓન્કોલોજી અને નિઓનેટલ સારવારની પ્રોસિઝર માટે આરોગ્ય વિભાગે બનાવેલી નવી સંદર્ભે સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરાઇ હતી.

અંતર્ગત અમ્પેન્લ્ડ હોસ્પિટલ અને ટ્રીટમેન્ટ સંલગ્ન માહિતી લોકોને સહેલાઇથી મળી રહે. હોસ્પિટલ્સમાં પેકેજ અને પ્રોસિઝરના સાઇનેજીસ લાગે તે માટેની પણ સૂચના આરોગ્યમંત્રીએ આપી હતી.

નવી માં નિઓનેટલ કેર અને ખાસ કરીને બાળકોને આઇ.સી.યુ.માં આપવામાં આવતી સારવાર માટેની પણ નવી માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. જેમાં - જેવી સારવાર માટે ફરજિયાતપણે સી.સી.ટી.વી. ઇન્સ્ટોલેશન સહિતના વિવિધ મુદાઓ આવરી લઇને ગેરરીતિને કોઇપણ અવકાશ ન રહે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

ઇમેજ ગાઇડેડ રેડિએશન થેરાપી માટે (કોન બીમ કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી સિસ્ટમ) કરવા માટેની ઇમેજ (કિલોવોટ)માં જ લેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. આ થેરાપી કયા કયા ટ્યુમરમાં કરી શકાશે

### આંદામાનમાં દરિયામાં નવું લો – પ્રેસર બનશે

# તા.૧૬ સુધીમાં ઠંડીમાં મામુલી રાહત રહેશે; ૧૮ થી ૨૦ દરમ્યાન તાપમાન ફરી નીચે ઉતરશે

**જાણીતા વેધર એનાલીસ્ટની તા. ૧૪ થી ૨૦ ડિસેમ્બર સુધીની આગાહી આવતીકાલ બાદ પવન પણ સામાન્ય થશે**



રાજકોટ, તા.૧૩

સૌરાષ્ટ્ર - કચ્છ - ગુજરાતમાં ઠંડીનો સપાટો છે અને મોટાભાગના સેન્ટરોમાં તાપમાન નોર્મલ કરતા નીચે છે ત્યારે આવતા એક સપ્તાહમાં તાપમાનમાં ત્રણ દિ રાહત અને ત્રણ દિવસ ઘટવાની સંભાવના હોવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે.તેઓએ આજે વાતચીતમાં કહ્યું છે કે, ગત આગાહીમાં જણાવાયા મુજબ તાપમાનમાં છેલ્લા સપ્તાહમાં ૬ થી ૮ ડીગ્રીનો ઘટાડો થયો છે. આજે રાજકોટમાં ૯.૮ ડીગ્રી તાપમાન નોર્મલથી ચાર ડીગ્રી નીચુ હતું.

વડોદરામાં ૧૨ ડીગ્રીએ નોર્મલ કરતા બે ડીગ્રી અને ડીસામાં ૧૦.૪ ડીગ્રી ન્યુનતમ તાપમાન હતું જે નોર્મલ કરતાં એક ડીગ્રી ઓછું હતું. અમદાવાદમાં ૧૩.૩ ડીગ્રી, અમરેલીમાં ૧૩.૩ ડીગ્રી તથા ભુજમાં ૧૨ ડીગ્રી નોર્મલ આસપાસ હતા. રાજયમાં મોટાભાગના સેન્ટરોમાં ન્યુનતમ તાપમાન નોર્મલ કરતા બે ડીગ્રી નીચુ હતું.તા.૧૪થી ૨૦ ડીસેમ્બરની આગાહીમાં તેઓએ કહ્યું કે, ત્રણેક દિવસ તામાન-ઠંડીમાં સામાન્ય રાહત મળવાની સંભાવના ચે. ૧૬-૧૭ ડીસેમ્બર સુધીમાં તાપમાનમાં બે ડીગ્રીનો વધારો થશે અને ૧૮મીથી તાપમાન ફરી નીચુ આવી જશે.

રાજયમાં નોર્મલ ન્યુનતમ તાપમાન હાલ ૧૨ થી ૧૪ ડીગ્રી ગણાય છે. કચ્છ તથા ઉત્તર ગુજરાતના સરહદી ભાગોમાં ૧૨ ડીગ્રી તથા અન્યત્ર ૧૩-૧૪ ડીગ્રી નોર્મલ તાપમાન ગણાય છે.આગાહીના સમયમાં પવન મુખ્યત્વે ઉત્તર પૂર્વેના ફુંકાશે. અમુક દિવસોમાં ઉત્તરના પવન હશે. કાલ સુધી પવનની ગતિ સામાન્યથી થોડી વધુ રહેશે પછી સામાન્ય થશે. ૧૭-૧૮મીએ ફરી પવન થોડો વધશે. આકાશ સ્વચ્છ જ રહેશે. અમુક દિવસે છૂટાછવાયા વાદળો જોવા મળી શકે છે.

# ન્યારી ડેમમાં ન્હાવા પડેલ ૧૯ વર્ષીય યુવાન ઊંડા પાણીમાં ગરકાવ થયો મોત

રાજકોટ. તા.૧૪



રાજકોટના કાલાવડ રોડ પર આવેલ ન્યારી ડેમમાં ન્હાવા પડેલ ૧૯ વર્ષીય રાજસ્થાની યુવાન ઊંડા પાણીમાં ગરક થતાં કમકમાટીભર્યું મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં તાલુકા પોલીસની ટીમ દોડી જઇ યુવાનના મૃતદેહને બહાર કાઢી કાર્યવાહી કરી હતી. બનાવ અંગે મૃતકના પરિવારને જાણ કરાઇ હતી. પ્રાપ્ત વિગત મુજબ, મૂળ રાજસ્થાનનો વતની અને હાલ કાલાવડ રોડ પર આવેલ ન્યારી ડેમ નજીક આવેલ બાંધકામ સાઇટ પર રહી ત્યાં જ કામ કરતાં સ્વરૂપસિંહ લાલસિંહ સોલંકી (ઉ.વ.૧૯) ગઇકાલે સાંજે બાંધકામ સાઇટ પર પોતાનું કામ પુરુ કરી સાઇટની નજીક જ આવેલ ન્યારી ડેમમાં ન્હાવા માટે ગયો હતો. જે બાદ તે મોડે સુધી ન આવતાં ત્યાં કામ કરતા અન્ય શ્રમિકોએ કોન્ટ્રાકટર ભગિરથસિંહઅને મદનસિંહને જાણ કરતાં તેઓ ન્યારી ડેમ પર દોડી ગયાં હતા અને તપાસ કરતા યુવાન ઊંડા પાણીમાં ગરક થઈ ગયાનું સામે આવ્યું હતું.

બાદમાં તાલકા પોલીસને બનાવ અંગે જાણ કરતા પીએસઆઇ એમ.આઇ.શેખ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુવાનના મૃતદેહને બહાર કાઢી જરૂરી કાર્યવાહી કરી પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી.

# જંત્રીની ઝંઝટથી ઉભા સોદા ડખ્ખે ચડશે!

# નાના-મોટા તમામ વ્યવહારોમાં દોડધામ

રાજકોટ, તા.૧૨

ગુજરાતમાં આવતા વર્ષમાં લાગુ થનારા નવા સૂચિત જંત્રીદર સામે રાજ્યભરમાં જબરો વિરોધ વંટોળ સર્જાયો છે અને બિલ્ડરો સહિતના વર્ગોએ વિરોધ આંદોલન છેડ્યું છે જ્યારે આ હિલચાલથી રીઅલ એસ્ટેટ ક્ષેત્રના ઉભા સોદામાં મોટી અસર થવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. નાના-મોટા વ્યવહારો ધરાવતા બિલ્ડરો-ગ્રાહકોમાં દોડધામ સર્જાઇ છે.

રીયલ એસ્ટેટ ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું હતું કે પ્રોપર્ટીના ઉભા અધૂરા સોદા-વ્યવહારો ડખ્ખે ચડવાની ભીતિ છે જે વિવાદ વિના સુખરુપ પાર પાડવા માટે વ્યવહાર વ્હેલી પૂર્ણ કરી લેવા પડે તેવી નોબત સર્જાઇ છે. કરોડો રુપિયાની રકમને સાંકળતા જમીન કે મોટી પ્રોપર્ટીના વ્યવહારોમાં નાણઆંકીય ચુકવણીની રાહત ૬-૧૨ મહિના કે તેનાથી પણ વધુની હોય છે.



**જમીનના મોટા સોદામાં ધંધાર્થી ડેવલપર તથા નવા પ્રોજેક્ટોમાં ગ્રાહકો ભીંસમાં સાઇડ ઈફેક્ટ ઘણી છેઃ કરોડો રૂપિયાની મોટી જમીનોના ૬-૧૨ મહિને દસ્તાવેજની શરતે સોદામાં વ્હેલા વ્યવહારની નોબત અન્યથા ઉંચા જંત્રીદર ચુકવવાથી માંડીને વ્હાઇટની વધારાની મૂડીની ગોઠવણ કરવાની નોબતઃ બે-ત્રણ વર્ષે ફાળવણીવાળા ચુલા પ્રોજેક્ટોમાં બુકિંગ કરાવનારા ગ્રાહકોની હાલત કફોડી બનવાની ભીતિ ઉંચા દસ્તાવેજ કરવાથી માંડીને ઉંચી સ્ટેમ્પ ડ્યુટીનો ડામ લાગવાની સ્થિતિ**

આવા સોદા ઉભા હોય અને વ્યવહાર પૂર્ણ કરવામાં સમય બાકી હોય તો તે સંજોગોમાં આવતા વર્ષે લાગૂ થનાર ઉંચા જંત્રીદર ચુકવવા પડે. સ્ટેમ્પ ડ્યુટી રજીસ્ટ્રેશન ફી પેટે વધારાનો ડામ લાગે તે સામે કદાચ લેનાર પાર્ટીને વાંધો ન હોય તો પણ વ્હાઇટના વધુ નાણાં ચુકવવા પડે તે મુદ્દે વિવાદ થઇ શકે કારણ કે વ્હાઇટની મૂડી ઉભી કરવાનું મુશ્કેલ બને રાજકોટની આસપાસ સહિત રાજ્યના અનેક ક્ષેત્રો એવા છે જ્યાં જંત્રીદરમાં ૧૦-૨૦ ગણાનો વધારો સુચવાયો છે. ૧ કરોડનો દસ્તાવેજ નક્કી થયો હોય ત્યાં અનેકગણો મોટો કરવો પડે એટલે વ્હાઇટના નાણાં ઉભા કરવામાં ધોળા દિવસે અંધારા આવી જવાનું નક્કી છે.

માત્ર રાજકોટ જ નહીં, રાજ્યના છેલ્લા પાંચ વર્ષોમાં ખૂબ વિકસેલા ક્ષેત્રોમાં જમીન પ્રોપર્ટીના ભાવ અનેક ગણા વધી ગયા છે અને વર્તમાન જંત્રી દર સાવ ઓછો છે. આ જ રીતે અનેક ક્ષેત્રોમાં ઉદ્યોગો વિકસ્યા હોવાથી ત્યાં પણ જમીનના ભાવો ઘણા ઉંચા છે.

નાના સોદાઓમાં પણ ગ્રાહકોની કફોડી હાલત થઇ શકે છે. બિલ્ડરો દ્વારા કોઇ રેસીડેન્શીયલ કે કોમર્શીયલ પ્રોજેક્ટ મુકવામાં આવે ત્યારે જ બુકીંગ શરુ કરી દેવામાં આવતું હોય છે અને ત્યારે જ દસ્તાવેજ સહિતની બાબતો નિયત થઇ જાય છે. કબ્જો બે-ત્રણ વર્ષ મળવાનો હોય છે. ઉદાહરણ આવતા બિલ્ડરે કહ્યું કે ફલેટનો દસ્તાવેજ ૩૦ લાખનો નક્કી થયો હોય અને નવી સૂચિત જંત્રી પછી ૪૦ લાખનો કરવો પડે તો કદાચ ગ્રાહકને ખાસ વાંધો ન આવે પરંતુ બિલ્ડરને ટેક્સ સહિતના નવા પ્રશ્નો ઉભા થઇ શકે છે.

જાણકારોના કહેવા પ્રમાણે સૂચિત જંત્રીદર વધારાથી માત્ર દસ્તાવેજમાં સ્ટેમ્પ ડ્યુટી-રજીસ્ટ્રેશન ફીનો જ કામ લાગે તેવું નથી પરંતુ કરવેરા ક્ષેત્રે પણ અનેક પ્રકારે સાઇડ ઈફેક્ટ પડી શકે તેમ છે અને તેની અસર વ્યાપક હોઇ શકે છે. રાજ્ય સરકારે જંત્રી દરનો મુસદો જાહેર કર્યો છે અને અનેક ક્ષેત્રોમાં જંત્રી દરમાં અનેકગણો વધારો સુચવાયો હોવાથી હોબાળો છે. રાજ્ય સરકાર હોબાળા-વિરોધને પગલે થોડી ઘણી રાહત જાહેર કરે તો પણ વધારો થવાનું નિશ્ચિત ગણાવાય રહ્યું છે ત્યારે ઉભા સોદા વ્હેલા નિપટાવવા કે અન્ય સંભવિત પ્રત્યાઘાતો વિશે અત્યારથી જ દોડધામ શરુ થઇ ગઇ છે.

રાજકોટના એક ટોચના બિલ્ડરે જણાવ્યું હતું કે લેનાર-વેચનારને નવી જંત્રી લાગૂ થતાં પૂર્વે જ વ્યવહાર પૂર્ણ કરવામાં અનુકુળતા હોય તેવા કિસ્સામાં વાંધો નહીં આવે પરંતુ રાજ્યોમાં વિવાદ ઉભા થઇ શકે છે.

દસ્તાવેજના વિકલ્પમાં રજીસ્ટર્ડ સાટાખતની છુટ મળશે? ઈમ્પેકટ ફીની સમય મર્યાદા ૨૦૨૨થી વધારીને ૨૦૨૪ કરવા માંગ થશેનવા સૂચીત જંત્રીદર તથા રીઅલ એસ્ટેટ ક્ષેત્રને નડતા-અવરોધતા પ્રશ્નો વિશે ગુજરાતભરના બિલ્ડરોએ મોરચો ખોલ્યો જ છે. કોઈ વૈકલ્પિક વચગાળાનો માર્ગ કાઢી દેવા સરકારમાં ધા નાખવાની તૈયારી કરવામાં આવી છે.બલ્ડરલોબીના સૂત્રોએ કહ્યું કે સૂચિત જંત્રીદર ઓવરડોઝ સમાન છે એટલે તેમાં રાજય સરકારે બાંધછોડ કરવી પડે તેમ છે. આમ છતાં વૈકલ્પિક માર્ગ પણ સરકારને સૂચવવામાં આવશે. ૨૦૧૧માં જંત્રીદરમાં વધારા વખતે રાજય સરકારે પ્રોપર્ટીના ઉભા સોદા માટે રજીસ્ટર્ડ સાટાખત પર જુની જંત્રીના ધોરણે દસ્તાવેજો કરવાની છુટ્ટ આપી હતી. આ વખતે પણ ૨૦૧૧ની ફોર્મ્યુલા લાગુ કરવા માટે વિચારણા કરવા સરકારને રજુઆત કરાશે.

બિલ્ડરોના સંગઠન ક્રેડાઈએ જ આ દરખાસ્ત તૈયાર કરી છે અને આવતા સપ્તાહમાં મુખ્યમંત્રીને રૂબરૂ મળીને તેની રજુઆત કરાશે. આ સિવાય ફલાવર બેડ સહિતના પ્રશ્નો ઉકેલવા માટે બિલ્ડર સંગઠને સરકારમાં ભલામણ કરવાનુ નકકી કરે છે. ઈમ્પેકટ ફી હેઠળની પ્રવર્તમાન યોજનામાં ૨૦૨૨ સુધીના બાંધકામોને કાયદેસરના કરવાની છુટ્ટ આપી છે.

આ સમયમર્યાદા ૨૦૨૪ની કરી દેવાની માંગ કરાશે. આ માગણી સ્વીકારાય તો રાજકોટ-અમદાવાદ સહિતના શહેરોમાં અટકેલા કમ્પ્લીશન-મંજુરીના વિવાદો આપોઆપ ઉકેલાઈ જાય તેમ છે. ક્રેડાઈ ગુજરાતે જ આવી અનેક માંગણીઓ સાથે મુખ્યમંત્રીને રજુઆત કરવાનું નકકી કર્યુ છે. મુખ્યમંત્રીનો સમય માંગવામાં આવ્યો છે. મોટાભાગે આવતા સપ્તાહમાં રજુઆત થાય તેવી શકયતા છે. ક્રેડાઈ ગુજરાતના તમામ શહેરોના યુનિટ પ્રતિનિધિઓને આ રજુઆતમાં સામેલ કરવામાં આવે તેવો નિર્દેશ છે.

# બિલ્ડરને આજીવન મેન્ટેનન્સના નાણાં આપ્યા હોય તો પાછા મેળવવા પુરાવા રજુ કરવા પડેઃ રેરાનો ચુકાદો

**સોસાયટી મેન્ટેનન્સના રોકડ વ્યવહારોમાં લાલબત્તી રૂપ કિસ્સોઃ સુરતના વિવાદાસ્પદ કેસમાં રેરાએ સોસાયટીના રહેવાસીઓનો દાવો ફગાવી દીધો**

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો હતો કે, જો ફ્લેટ કે દુકાનધારકો દ્વારા કથિત રીતે બિલ્ડરને આજીવન મેન્ટેનન્સની રકમ આપી હોય અને પછી સોસાયટી હેન્ડઓવર કરીને હોદ્દેદારોની નિમણૂક કર્યા બાદ તે રકમ સોસાયટીના બેંક ખાતામાં જોઇતી હોય તો તેના માટે પુરાવા હોવા જરૂરી છે.સુરતની મારવેલા સોસાયટીના રહીશો દ્વારા આ બાબતે માગણી કરતી એક પિટિશન કરવામાં આવી હતી પરંતુ આજીવન મેન્ટેનન્સના નાણાં ચુકવ્યા બાબતે કોઇ પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ જતા આ બાબતે રેરા દ્વારા કોઇ રાહત આપવામાં આવી નહોતી. આ ચુકાદો એટલા માટે મહત્વનો માનવામાં આવે છે કે, ઘણા બિલ્ડરો દ્વારા આજીવન મેન્ટેનન્સની રકમ રોકડ વ્યવહારના ભાગરૂપે લેવામાં આવે છે. તેના માટે કોઇ રીસીપ્ટ આપવામાં આવતી નથી અથવા તો કાચી રિસિપ્ટ આપવામાં આવે છે તેનું કાયદાની નજરે કોઇ મૂલ્ય હોતું નથી.

પછી જ્યારે સોસાયટી હેન્ડ ઓવર કરવામાં આવે તે વખતે બિલ્ડર દ્વારા આ રકમ સોસાયટીના નિભાવમાં ખર્ચ થઇ ગઇ છે તેવા બહાના હેઠળ પરત કરવામાં આવતી નથી. સોસાયટીનું બેંક ખાતુ ઝીરો બેલેન્સ રહે છે. રહીશોએ પછી ફરી વખત આજીવન મેન્ટેનન્સ ઉઘરાવવું પડતું હોય છે.

કેસની વિગતો મુજબ સુરતના ભીમરાડ ખાતે આવેલી મારવેલા રેસીડેન્સીના કુલ ૭૫ થી વધુ રહીશો દ્વારા ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી સમક્ષ પિટિશન કરીને બિલ્ડર વિરૂધ્ધ અનેક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.

તે પૈકી એક મુદ્દો એવો હતો કે બિલ્ડર દ્વારા ફ્લેટ બુક કરાવતી વખતે બિલ્ડીંગ બી અને સીના રહીશો પાસેથી ઇલેક્ટ્રીક કનેક્શનના રૂ. ૧૫ હજાર, ગેસ કનેક્શનના રૂ૧૫ હજાર અને મેન્ટેન્ન્સ ડિપોઝીટના રૂ. ૩૩૪૦૦ લેવામાં આવ્યા હતા.

તેઓને બિલ્ડર દ્વારા ભરોસો આપવામાં આવ્યો હતો કે સોસાયટી સોંપવામાં આવશે ત્યારે દરેક રહીશોને આ રકમ પરત આપી દેવામાં આવશે. પરંતુ આજદીન સુધી નાણા પરત કરવામાં આવ્યા નથી કે તેનો હિસાબ આપવામાં આવ્યો નથી.તેની સામે બિલ્ડર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે બે વર્ષ પહેલા સોસાયટીની સોંપણી કરવામાં આવી હતી ત્યારે તે વખતના ચેરમેન અને વહીવટીમંડળને આ રકમ આપી દેવામાં આવી હતી. હવે કોઇ રકમ આપવાની બાકી રહેતી નથી.

આથી રેરા દ્વારા આ રજૂઆતોને ધ્યાનમાં લઇને પોતાના ચુકાદામાં નોંધવામાં આવ્યું હતું કે, આ બાબતે ફરિયાદીઓએ પહોંચ કે બીજા કોઇ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા નથી. અત્યાર સુધી સોસાયટી દ્વારા ક્યારેય આ બાબતે માગણી કરવામાં આવી નથી.

આથી પહોંચ કે બીજા દસ્તાવેજી પુરાવાના અભાવે ફરિયાદી રહીશો દ્વારા કરવામાં આવેલા આક્ષેપો માની શકાય નહી તેમ કહીને રેરાએ સોસાયટીના રહીશોનો દાવો ફગાવી દીધો હતો.

અલબત્ત બીજી રજૂઆતો જેમાં ફાયર એનઓસી સિસ્ટમ ઓટો ઉપર ચાલી શકે તે માટે વ્યવસ્થા કરવા, સોસાયટીના ગેટની અંદર પ્રવેશ કરતા વૃક્ષો માટે મૂકાયેલા પાકા કુંડા ફાયરના વાહનોને આવવા માટે નડતરરૂપ હોય તે દુર કરવા અને સોસાયટીના બેઝમેન્ટમાં મિકેનીકલ વેન્ટીલેશન નહી હોવાથી તેની વ્યવસ્થા કરવા માટે આદેશ કર્યો હતો.

### રાજકોટમાં ACBની સફળ ટ્રેપ

## માર્ગ અને મકાન વિભાગના સિનિયર ક્લાર્ક અરજદાર પાસેથી રૂ. ૫૦૦૦ની લાંચ લેતા ઝડપાયો

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં વધુ એક લાંચિયો સરકારી બાબુ એસીબીની ઝપટે ચડી ગયો છે. માર્ગ અને મકાન વિભાગના સિનિયર ક્લાર્ક અરજદાર પાસેથી રૂપિયા ૫૦૦૦ની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઇ ગયેલ છે. જેમાં ક્લાર્ક દ્વારા સરકારી ક્વાર્ટર ઉપલબ્ધ નથી તે માટેનું પ્રમાણપત્ર કાઢી આપવા બહાને અરજદાર પાસેથી લાંચની રકમ માંગણી કરી હતી. જેને આજે સાંજે એસીબી દ્વારા માર્ગ અને મકાન વિભાગ રાજકોટ શહેરની કચેરી ખાતેથી ઝડપી પાડવામાં આવેલ છે.

ફરિયાદી રાજકોટ શહેર ખાતે ફરજ બજાવતા હોય જેથી તેઓએ સરકારી ક્વાર્ટર મેળવવા માર્ગ મકાન વિભાગ કચેરીમાં આશરે પાંચેક માસ પહેલા ક્વાર્ટર માટેની અરજી



કરેલ હતી, પરંતુ હાલ સુધી તેઓને ક્વાર્ટર ફાળવવામાં નહી આવતા પોતાને સરકારના નિયમ મુજબ મકાનભાડુ મેળવવા માટે રાજકોટ ખાતે સરકારી ક્વાર્ટર ઉપલબ્ધ નથી તેવું પ્રમાણપત્ર માર્ગ મકાન વિભાગની કચેરીમાંથી મેળવી પોતાના ખાતાના વડાને આપવાનું હોય જેથી ફરીયાદીએ સિનિયર ક્લાર્ક રવિ રાજુભાઈ મજેઠીયાનો રૂબરૂ સંપર્ક કરતા પ્રમાણપત્ર આપવાના બદલે રૂ. ૫૦૦૦ની લાંચની માંગણી કરી હતી.

લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ન હોય જેથી ફરીયાદીએ એ.સી.બી.નો સંપર્ક કરતા ફરિયાદીની ફરિયાદ આધારે આજે એસીબી દ્વારા લાંચનું છટકું ગોઠવ્યું હતું. દરમિયાન માર્ગ મકાન વિભાગના સિનિયર ક્લાર્ક ફરીયાદી સાથે પ્રમાણપત્ર બાબતે વાતચીત કરી લાંચની રકમ રૂ. ૫૦૦૦ ફરિયાદી પાસેથી માંગી સ્વીકાર કર્યો હતો. હાલ એસીબીએ તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રિમાન્ડ મેળવી અલગ અલગ દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

### કુવાડવા અને ગૌતમનગરમાં દારૂના દરોડા ૪૧ બોટલ સાથે બે શખ્સો ઝડપાયા

રાજકોટઃ કુવાડવા ગામમાં અને ગૌતમનગરમાં પીસીબીની ટીમે દરોડા પાડી ૪૧ બોટલ સાથે બે શખ્સોને દબોચી રૂા.૭૦ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.દરોડાની વિગત મુજબ પીસીબી પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી.ત્યારે અમદાવાદથી રાજકોટ તરફ આવતા હાઈવે પર કુવાડવા ગામ સ્મશાનની સામેથી એકસેસ બાઈકમાં આવતા કરણસિંહ સુબાસસિંહ ઠાકુર (ઉ.૨૭) (રહે. મયુરનગર શેરી નં.૧૦)ને પકડી તેમની પાસેથી દારૂની ૨૯ બોટલ સહિત રૂા.૬૧૭૬૬નો મુદામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી. બીજા દરોડામાં અક્ષર માર્ગ ભરાડ સ્કૂલની પાછળ, ગૌતમનગર શેરી નં.૩માંથી ધવલ દિલીપ ચૌહાણ (ઉ.૩૦) (રહે. ગૌતમનગર શેરી નં.૩)ને દારૂની ૧૨ બોટલ સાથે દબોચી રૂા.૮ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

### પાનની દુકાનમાંથી ચોરી કરનાર બે સગીર સહિત ત્રણ શખ્સોએ બે વાહન પણ ચોર્યા હતા

રાજકોટઃ શહેરમાં એક ઘરફોડ ચોરી અને બે વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલા બે સગીર સહિત ત્રણ શખ્સોને ગાંધીગ્રામ પોલીસે પકડી પાડી રૂા.૬૭૫૦૦નો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાપ્ત વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ કે.જે. કરપડાની રાહબરીમાં પીએસઆઈ એસ.બી. જાડેજા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે હે.કો. મશરીભાઈ ભેટારીયા, પ્રદીપ ડાંગર, મુકેશ સબાડ, રોહિતદાન ગઢવી ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે જામનગર રોડ પર ઘંટેશ્વર ૨૫ વારીયા આગળથી ચોરાઉ બાઈક સાથે અમીત ઉર્ફે મીત વિપુલ સોલંકી (ઉ.૨૪) (રહે.વેલનાથ શેરી નં.૨ અને બે સગીરને પકડી સઘન પૂછતાછ હાથ ધરી હતી. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે આરોપીની પુછતાછમાં ત્રણેયે સાતેક દિવસ પહેલા બજરંગવાડી શેરી નં.૧૪માંથી બાઈકની ચોરી કર્યા બાદ પાંચેક દિવસ પહેલા મોડી રાત્રીના હનુમાનમઢી ચોકથી આગળ આવેલ એક પાનની દુકાનનો પાછળનો દરવાજો તોડી રોકડ રૂપિયાની ચોરી કરી હતી. જે બાદ વધુ એક વાહન ચોરી કરી નીકળ્યાને પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. આરોપીઓ પાસેથી બે ચોરાઉ વાહન અને રોકડ મળી રૂા.૬૭૫૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# રાજકોટ રેલ્વે ડિવીઝનમાં ઉર્જા સંરક્ષણ સપ્તાહની ઉજવણી

રાજકોટ, તા. ૧૩ઃ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૮ થી ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ઊર્જા સંરક્ષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વનીકુમારે જણાવ્યું હતું કે ઉર્જા સંરક્ષણ અંગે લોકોમાં જાગૃતિ આવે અને ઉર્જાનું મહત્વ સમજાવે તે હેતુથી રાષ્ટ્ર દર વર્ષે ૧૪મી ડિસેમ્બરને ઉર્જા સંરક્ષણ દિવસ તરીકે ઉજવે છે.

આ સંદેશાઓના વ્યાપક પ્રચાર અને પ્રસાર માટે, ઉર્જા બચત અને સંતુલિત ઉપયોગ માટેના સંદેશાવાળા પોસ્ટરો અને સ્ટીકરો રેલ્વે પરિસરમાં મુકવામાં આવ્યા હતા અને ઉર્જા સંરક્ષણ વિશે જનજાગૃતિ વધારવા માટે ડિવિઝન ના તમામ નાના-મોટા સ્ટેશનો પર પેમ્ફલેટનું વિતરણ



કરવામાં આવ્યું હતું અને એનૌન્સમેંટ ના મધ્યમ થી લોકોને ઉર્જા સંયમિત રીતે ખર્ચવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. અન્ય વિભાગના રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોનું પણ વીજળી વિભાગના અધિકારીઓ અને એન્જિનિયરો દ્વારા કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર શ્રીમતી રજની યાદવના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ડિવિઝન પર ૫૩૯ ઊંઠ ક્ષમતાની સોલાર પેનલ્સ ઇન્સ્ટોલ કરવામાં આવી છે. જેના કારણે આ વર્ષે નવેમ્બર ૨૦૨૪ સુધી રેલવેની અંદાજે ૩૦.૨૪ લાખ રૂપિયાની આવક બચી હતી. રાજકોટ ડિવિઝન નું વિદ્યુત વિભાગ શક્ય તેટલો બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતોના ઉર્જા સંરક્ષણ અને ઉપયોગ માટે પ્રતિબદ્ધ છે. આ શ્રેણીમાં, નજીકના ભવિષ્યમાં, ડિવિઝનના સ્ટેશનો અને સર્વિસ બિલ્ડિંગો પર લગભગ ૨.૭૫ ખઠા ક્ષમતાના સોલાર પ્લાન્ટ્સ ઇન્સ્ટોલ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રસંગે ડીઆરએમ ઓફિસ અને લોકો કોલોનીમાં નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગિરનારી ગ્રુપ દ્વારા ગરમ ધાબળઓનું કરાયેલું વિતરણ



**■ ગિરનારી ગ્રુપની સેવા અનન્ય છે**
**- ડો. અર્જુન બાબરીયા**

જૂનાગઢ, તા. ૧૩ઃ જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે તાજેતરમાં મોડી રાત્રિના સમયે ઠંડા પવનની સાથે ઠંડીનું પ્રમાણ વધવાથી લોકો થરથર ધ્રુજતા હોય છે. એવામાં જુનાગઢ શહેરના બસ સ્ટેશન,રેલ્વે સ્ટેશન,ભવનાથ, સાબલપુર સહિતના જુદા જુદા વિસ્તારમાં ફરી રસ્તા પર ઠંડીથી ઠુઠવાતા અને ઝૂંપડામાં રહેતા હોય તેવા લોકોને ઠંડીથી રક્ષણ મળી રહે તેવા શુભ આશયથી ગરમ ધાબળા ઓનું વિતરણ કરીને લોકોને ઠંડીથી બચાવવા માટેનો નાનકડો એવો પ્રયાસ કરવામાં આવેલ હતો.આ સેવા કાર્યમાં ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓ શ્રી સમીરભાઈ દવે, સમીરભાઈ ઉનડકટ, સુધીરભાઈ રાજા, અક્ષિતભાઈ કુબાવત, કશ્યપભાઈ દવે, પરાગભાઈ ભુત્તા, નમનભાઈ નરસાણા, ગૌરવભાઈ પોપટ, હરેશભાઈ કોરિયા, સુરેશભાઈ વાઢીયા, શુભભાઈ વાઢીયા, વેદુભાઈ બારૈયા સહિતના લોકોએ પોતાની સેવાઓ આપેલ હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

## રૈયાધાર જાહેરમાં છરી કાઢી બઘડાટી કરનાર ચાર શખ્સોને દબોચી લેતી પોલીસ

રાજકોટઃ ગઈકાલે સોશિયલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયો હતો. જેમાં રૈયાધાર વિસ્તારમાં કેટલાક શખ્સો જાહેરમાં ઝપાઝપી કરતા હોય અને એક શખ્સના હાથમાં છરી પણ હોય તેવો વિડીયો વાયરલ થયેલ હતો. વાયરલ થયેલા વીડિયોને લઈ યુનિવર્સિટી પોલીસે તપાસ હાથ ધરી ચારેય શખસોને ઝડપી લઇ તેમની સામે જાહેરમાં ભેગા થઇ સુલેહ શાંતિનો ભંગ કરવા અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જાણવા મળતી વિગતો મુજબ, ગઈકાલે સોશિયલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયો હતો જે રૈયાધાર પાસેના વિસ્તારનો હોવાનું સામે આવ્યું હતું જેમાં ચારેક જેટલા શખ્સો જાહેરમાં ઝપાઝપી કરતા હોય અને એક શખ્સના હાથમાં છરી પણ હતી. જેથી આ મામલે યુનિવર્સિટી પોલીસમાં મથકના પી.એસ.આઇ વી.જી.ડોડીયાની રાહબરી હેઠળ એએસઆઈ જગમાલભાઇ ખટાણા, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા અને વનરાજભાઈ લાવડીયા સહિતના સ્ટાફે તપાસ હાથ કરતા આ વિડીયો રૈયાધાર શાંતિનગર ગેટ પાસેનું હોવાનું માલુમ પડ્યું હતું.

## કાલાવડ નગરપાલિકાના વોર્ડ નં. ૬માં નવા રોડના ખાતમુરત કરાવતા ફાલ્ગુનીબેન સોજીત્રા

કાલાવડ, તા. ૧૩ઃ કાલાવડ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર છ માં કોંગ્રેસ પક્ષના મહિલા અગ્રણી અને વોર્ડ નંબર છ ના પૂર્વ કોર્પોરેટર શ્રીમતી ફાલ્ગુનીબેન સોજીત્રાના વરદ હસ્તે નવા સી.સી.રોડ બનાવવાનું ખાતમુરત કરવામાં આવેલ નવા સી.સી.રોડ બનાવવાના કામ ચાલુ થતા સોસાયટીના લોકોમાં આનંદની લાગણી ફેલાઈ હતી અને સોસાયટીના લોકોએ ફાલ્ગુનીબેન સોજીત્રાનો આભાર વ્યક્ત કરી અભિનંદન અને આશીર્વાદ આપેલ હતા અત્રે



ઉલ્લેખનીય છે કે ફાલ્ગુનીબેન સોજીત્રા તેમના કાર્યકાળ દરમિયાન કાલાવડ નગરપાલિકામાં કોર્પોરેટર તરીકે ખૂબ જ સક્રિય રહી જનરલ બોર્ડમાં વારંવાર રજૂઆતો કરી લાખો રૂપિયાના રોડ રસ્તાઓ મંજૂર કરાવેલ અને કાલાવડ શહેરની જનતાના પ્રાથમિક જરૂરિયાતના કામો જેવા કે પાણી રોડ રસ્તા સ્ટ્રીટ લાઈટ તેમજ સાફ-સફાઈ અને ગટર વ્યવસ્થાના કામો માટે વિરોધ પક્ષમાં હોવા છતા ખૂબ સારી કામગીરી કરેલ જેની લોકો દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવેલ હતી.

# ધાર્યા પરિણામ આવ્યે સત્તા પક્ષ બંધારણ બદલી દેત આર્થિક ન્યાયનું સુરક્ષા કવચ સરકાર તોડી રહી છે

## ■ લોકસભામાં પ્રિયંકા ગાંધીની તડાફડી : સત્તા પક્ષ ઉપર પ્રહારો



નવી દિલ્હી, તા. ૧૩ઃ કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ લોકસભામાં પોતાનું પ્રથમ ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું કે ભારત સંવાદ અને ચર્ચાની હજારો વર્ષ જૂની પરંપરા ધરાવતો દેશ છે. ચર્ચા અને સંવાદના મૂળ આપણી સંસ્કળતિ- માં ઊંડા છે, જે વિવિધ ધર્મો અને સમાજોમાં પણ જોવા મળે છે. આ પરંપરાથી પ્રેરિત થઈને આપણો સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ થયો, છે? જે અહિંસા અને સત્ય પર આધારિત હતો. આ આંદોલન ૪૫ + લોકતાંત્રિક હતું, જેમાં દરેક વર્ગે ભાગ લીધો હતો. આ સંઘર્ષમાંથી એક સામૂહિક અવાજ ઊભો થયો, જેણે આપણા બંધારણનું સ્વરૂપ લીધું. આ બંધારણ માત્ર એક દસ્તાવેજ નથી, પરંતુ તે ન્યાય, અભિવ્યક્તિ અને આકાંક્ષાઓનો દીવો છે.

તેમણે ભાજપ પર વળતો -હાર કર્યો અને પૂછ્યું કે ભૂતકાળમાં શું થયું. નેહરુજીએ શું કર્યું? અરે, મને કહો કે તમે શું કર્યું, શું બધી જવાબદારી નેહરુજીની આ સાથે પ્રિયંકા ગાંધીએ કહ્યું કે જો લોકસભા ચૂંટણીના પરિણામ આ રીતે ન આવ્યા હોત તો સત્તાધારી પક્ષના લોકોએ બંધારણ બદલી નાખ્યું હોત. દેશના બંધારણે ગરીબ લોકોનું ભલું કર્યું છે. તેનાથી ગરીબો અને મહિલાઓને અવાજ મળ્યો છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે વર્તમાન સરકાર અના- મતને નબળી બનાવી રહી છે. જાતિની વસ્તી ગણતરી એ આજના સમયની જરૂરિયાત છે. શાસક પક્ષના લોકો જાતિ ગણતરી પર મંગળસૂત્રની વાત કરે છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે આજે દેશના ખેડૂતો ભગવાન પર ભરોસો કરે છે. ખેડૂતોને અન્યાય થઈ રહ્યો છે.

# શહેર કોંગ્રેસ અને હાથ સે હાથ જોડોની યોજાઇ બેઠક પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુએ આપ્યું માર્ગદર્શન

## ■ શહેરના વોર્ડમાંથી સામાજિક કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા



રાજકોટ, તા. ૧૩ઃ હાથ સે હાથ જોડો સૌરાષ્ટ્ર પૂર્વ ઝોનના કન્વીનર જયેશભાઈ ઠાકોર, હાથ સે હાથ જોડોના શહેરના પ્રમુખ કલ્પેશભાઈ કુંડલીયાની યાદી મુજબ રાજકોટ શહેરના સામાજિક કાર્યકરોની બેઠક કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજવામાં આવી હતી જેમાં રાજકોટ શહેરના હાથ સે હાથ જોડોના પુરુષ અને મહિલા આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા, શહેરના તમામ વોર્ડમાંથી હાથ સે હાથ જોડોના ૬૦ થી વધુ કાર્યકરોએ ઉપસ્થિત આગેવાનો માંથી અનેક મહિલા પુરુષ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા તેઓને રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી અને પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ દ્વારા ખેસ પહેરાવી આવકારેલ હતા.

બેઠકને પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરુએ સંબોધન કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસ નો ઈતિહાસ ઉજ્જ્વળ છે. આઝાદી અપાવવામાં કોંગ્રેસનો સિંહ ફાળો રહ્યો છે. સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ, ઈન્દિરાજી, રાજીવ ગાંધી, મહાત્મા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રીને આજે પણ લોકો યાદ કરે છે. કોંગ્રેસના શાસનમાં કરવામાં આવેલા કામો અંગે પ્રવચન આપ્યું હતું. શહેરના તમામ વિસ્તારોમાંથી આગેવાનો જયેશ ઠાકોર દ્વારા જોડવામા આવ્યા હતા જેમાં ઈન્દ્રનીલ રાજયગુરૂ અને રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીના હસ્તે કોંગ્રેસનો ખેસ પહેરી કોંગ્રેસમાં જોડાયેલા તમામ આગેવાનોનું સ્વાગત કરી આવકારવામાં આવેલ હતા અને કલ્પેશભાઈ કુંડલીયા તથા અશોકસિંહ વાઘેલા તથા ગૌરવભાઈ પુજારા હાજરી આપી હતી ભાજપ અને આમ આદમી પાર્ટી ના હોદેદારો જોડાયા મયુરસિંહ સોલંકી, વાંક જસુબા, ગોંડલિયા કુસુમબેન, જોત્સાબેન ખેરડીયા,નેહાબેન ડાભી,મધુબેન સાપરારિયા, હીનાબેન ખાખરીયા, ડિમ્પલબેન ફતેપુરા, અમિતાબેન ખાખરીયા, મોહિનીબેન બાવરીયા, રુક્સાનાબેન માંડલિયા, અંજુબેન કુદેચા,ઉમિયાબેન એંધાણી, રસમિતાબેન કટેસિયા, ભારતી બેન રોજાસરા, પ્રવિણા બેન ઇટાલિયા, અનસૂયા બેન ધોળકિયા, પીન્ટુ ભાઈ, ધનાભાઈ, દિલીપભાઈ ડાભી, રાજેશભાઈ મકવાણા,વિજય જીંજુવાડિયા, કેતન ગોહેલ, અલ્પેશ પરેશા, મનસુખભાઈ કુડેચા, પ્રદ્યુમન ગોહિલ, મહેશ ગઢવી, સુનીલ સિંહ રાજપૂત, ઋષિકેશ ગણાત્રા,લોધિયા હિરેન, મિત પટેલ, રણજીત રાજપૂત, દિવ્યારાજ તંબોલિય, ઉદય મેઘાણી, ભરતભાઈ કુમરખાણીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી આગામી મહાનગરપાલિકાની ચૂંટણી અંગે દરેક આગેવાનોએ પોતપોતાના મંતવ્ય રજૂ કર્યા હતા.

# કેન્દ્રીય રેલવે પ્રધાન શ્રી અશ્વિની વૈષ્ણવને સૌરાષ્ટ્રના રેલ્વેને લગતા પ્રશ્નો બાબતે રૂબરૂમાં મળીને લેખિત તેમજ મૌખિક રજૂઆત કરતા સંસદ સભ્ય રામભાઈ મોકરીયા

રાજકોટ, તા. ૧૩: સૌરાષ્ટ્રને રેલવેને લગતા પ્રશ્નો બાબતે આજરોજ સાંસદ(રાજ્ય સભા) રામભાઈ મોકરીયાએ દિલ્હી ખાતે કેન્દ્રીય રેલવે પ્રધાન શ્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂમાં મળી તેઓશ્રીને લેખિત તેમજ મૌખિક રજૂઆત કરેલી. જેમાં નીચે પ્રમાણે ના મુદ્દા બાબતે વિગતવાર રજૂઆત કરેલી.

(૧) રાજકોટ સૌરાષ્ટ્રનું કેપિટલ ગણાય છે.અત્યારે રાજકોટની વસ્તી અંદાજે ૪૫ લાખ કરતા વધારે ની વસ્તી છે.તેમજ રાજકોટ ઈન્ડસ્ટ્રીઝ અને કોમર્સ ક્ષેત્રે પણ ખૂબ જ આગળ પડતું શહેર છે.અને રાજકોટની આજુબાજુના જિલ્લાઓમાંથી પણ મોટા પ્રમાણમાં પ્રવાસીઓ હરિદ્વાર જવા માટે રેલવેનો ઉપયોગ કરતા હોય છે અને હરિદ્વાર જવા માટે ટ્રેનમાં કન્ફર્મ ટિકિટ મળતી નથી. વેઈટિંગ વધારે હોય છે. હાલમાં રાજકોટ થી હરિદ્વાર જવા માટે ટ્રેન નંબર ૧૯૫૬૫ ઓખા દેહરાદુન વિકલી ટ્રેન ઉપલબ્ધ છે. આ સિવાય હરિદ્વાર જવા માટે એક પણ ટ્રેન ઉપલબ્ધ નથી. ટ્રાફિક પૂરતા પ્રમાણમાં મળી રહેશે જેથી સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ હરિદ્વાર જવા માટે દરરોજ રાજકોટ થી હરિદ્વાર ની ટ્રેન આપવા માટે રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ ને ભારપૂર્વક રજૂઆત કરી છે.

(૨) કોરોના પહેલા રાજકોટ થી મુંબઈ સેન્ટ્રલ જવા માટે ઉપડતી ટ્રેન ૨૨૯૪૬ સૌરાષ્ટ્ર મેલ સાંજના ૧૭:૩૫ વાગે ઉપડતો હતો અને બોરીવલી સવારે ૭:૦૦ વાગે પહોંચાડતો હતો તે જ પ્રમાણે રાજકોટ થી બાંદ્રા જવા માટે ટ્રેન નંબર ૧૯૨૧૮ સૌરાષ્ટ્ર જનતા બપોરના ૧૫:૩૦ વાગે ઉપડતી હતી અને બોરીવલી ખાતે વહેલી સવારે ૫:૩૦ વાગે પહોંચાડતી હતી આ બંને ટ્રેનો સૌરાષ્ટ્રના લોકોને મુંબઈ જવા માટે ખૂબજ અનુકૂળ હતી.આ બંને ટ્રેનમાં જવા માટે વધુ પ્રમાણમાં પ્રવાસીઓનો ઘસારો રહેતો હતો. પરંતુ અચાનક આ બંને ટ્રેનના ટાઈમ બદલી નાખવામાં આવ્યા છે. જેથી મુસાફરોને બોરીવલી રેલ્વે સ્ટેશન ઉપર વહેલી સવારે ત્રણ વાગ્યે આ ટ્રેન પહોંચતી



હોવાથી મુસાફરોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય આ બાબતે સંસદ સભ્ય રામભાઈ મોકરીયા પાસે રૂબરૂમાં તથા લેખિતમાંપણ વધુ પ્રમાણમાં રજૂઆતો આવતી હતી જેથી આ બંને ટ્રેનોને તેમના અગાઉના શિડ્યુલ મુજબ રાજકોટ થી મુંબઈ જવા માટે શરૂ કરાવે તેવી ભારપૂર્વક રજૂઆત કરેલી છે.

(૩) જામનગર થી મુંબઈ સેન્ટ્રલ જતી ટ્રેન નંબર ૧૨૨૬૮ જામનગર દુરંતો ટ્રેન બોરીવલી સ્ટેશન ખાતે સ્ટોપેજ ન હોવાથી સૌરાષ્ટ્રના પેસેન્જરને ફરજિયાત મુંબઈ સેન્ટ્રલ ઉતરવું પડે છે અને પરતમાં અન્ય ટ્રેન દ્વારા બોરીવલી પરત આવવું પડે છે. પેસેન્જરોને સાથે લગેજ હોવાથી ખૂબ મુશ્કેલી ઊભી થાય છે. મુંબઈ જતા મુસાફરોમાં ૯૦ ટકા મુસાફરો બોરીવલી સ્ટેશન ખાતે ઉતરી જતા હોય છે. જેથી મુસાફરોને મુશ્કેલી ના પડે તે માટે બોરીવલી ખાતે સ્ટોપેજ આપવા માટે રજૂઆત કરેલી છે.

(૪) અગાઉ વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર સાથે સંસદ સભ્યોને રાજકોટ ખાતે સૌરાષ્ટ્રના રેલવેના પ્રશ્નો બાબતે ૨૮/૬/૨૦૨૩ના રોજ મીટીંગ યોજાયેલી તે મિટિંગમાં અમદાવાદ સુધી આવતી લાંબા અંતરની ૧૦ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવેલી આ રજૂઆત બાબતે રેલવે મંત્રીશ્રીએ તારીખ ૧૩/૯/૨૦૨૩ના રોજ છ ટ્રેનોને લંબાવી આપેલી આ ટ્રેનોને તુરંત રાજકોટ સુધી ઝડપથી ચાલુ કરવા માટે આજે ભારપૂર્વક રજૂઆત કરેલી જેનો રેલ્વેમંત્રીશ્રીએ હકારાત્મક પ્રતિસાદ આપેલો.

(૫) આ ઉપરાંત નીચે પ્રમાણેની રેલ્વેને લગતા પ્રશ્નો બાબતે રજૂઆત કરેલી છે.

(૧) અગાઉ સિનિયર સિટીઝનને રેલવે ટીકીટમાં કન્સેસન આપવામાં આવતું હતું તે કન્સેશન આપવાનું હાલમાં બંધ છે તે ફરી ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી.

(૨) હાલમાં રેલવેમાં લોકલ ભાડું તેમજ એક્સપ્રેસ ભાડું એક સરખું છે તેને બદલે લોકલ ભાડુ એક્સપ્રેસ ટ્રેનના ભાડા કરતા ઓછું હોવું જોઈએ તે સુધારો કરવા બાબતે રજૂઆત કરવામાં આવી

(૩) પોરબંદર થી રાજકોટ વાયા જેતલસર જવા માટે એક જ ટ્રેન સવારના ઉપલબ્ધ છે તેને બદલે વધુ ટ્રેનની સંખ્યા વધારવી જોઈએ

(૪) અગાઉ રાજકોટ થી વેરાવળ જવા માટે વહેલી સવારે ૫:૩૦ વાગે લોકલ ટ્રેન ઉપડતી હતી તેમાં ટ્રાફિક પણ પૂરતા પ્રમાણમાં મળતો હતો છતાં પણ આ ટ્રેન બંધ કરી દેવામાં આવેલ છે તેને ફરીથી ચાલુ કરવામાં આવે.

(૫) સૌરાષ્ટ્રમાંથી રાજસ્થાનના રામદેવરા ખાતે જવા માટે મુસાફરોનો મોટો વર્ગ છે આઅ મુસાફરોને સીધી રામદેવરા જવા માટે કોઈ ટ્રેન નથી જેથી લોકોને પ્રાઈવેટ વાહનોમાંજવું પડે છે તેથી ખર્ચ ની રીતે પણ ખૂબ મોંઘુ પડતું હોય તેમ જ સમયની પણ બરબાદી થતી હોય અને રામદેવરા જવા માટેસૌરાષ્ટ્રમાંથી જવા માટે મુસાફરોનો મોટા પ્રમાણમાં ઘસારો રહેતો હોવાથી રાજકોટ થી રામદેવરા જવા માટે ટ્રેન ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી.

(૬) વહેલી સવારે જામનગરથી ઉપડતી ઈન્ટરસિટી ટ્રેન નંબર ૨૨૯૬૦ બાંદ્રા સુધી જતી હતી તે ટ્રેનને અચાનક વડોદરા સુધી જ ચાલુ રાખેલ છે તે ટ્રેન ફરીથી બાંદ્રા સુધી ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી.

(૭) અગાઉ ટ્રેન નંબર ૯૫૦૧/૯૫૦૨ રાજકોટ ભુજ ટ્રેન ચાલુ હતી તે ટ્રેન બંધ કરી દેવામાં આવેલ છે તેને ફરીથી ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી

(૮) ટ્રેન નંબર ૧૯૭૦૩ અમદાવાદ ઉદયપુર નાથદ્વારા ટ્રેન વાયા હિંમતનગર થઈને ચાલે છે તે ટ્રેનને રાજકોટ સુધી લંબાવવા માટેની રજૂઆત કરવામાં આવી

(૯) અગાઉ રાજકોટ મોરબી વચ્ચે મેમુ ટ્રેન ચાલતી હતી આ ટ્રેન કોઈ કારણ વિના અચાનક બંધ કરી દેવામાં આવેલ છે. વહેલી. સવારે રાજકોટ થી મોરબી જવા માટે પેસેન્જર માટે ખૂબ ઉપયોગી હોવાથી ચાલુ કરવા માટેની રજૂઆત કરવામાં આવી. ઉપરોક્ત ટ્રેનો બાબતે રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવએ રજૂઆતો બાબતે હકારાત્મક અભિગમ અપનાવેલ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે રાજકોટ જિલ્લા પંચાયતના નવા ભવનના નિર્માણનું ખાતમુહૂર્ત કરાયું

## રૂ. ૩૬ કરોડના ખર્ચે ૧૪ હજાર ચો. મી.માં 'સ્ટેટ ઓફ ધ આર્ટ' અત્યાધુનિક સુવિધાસભર જિલ્લા પંચાયત કચેરી નિર્માણ પામશે

રાજકોટ તા.૧૪

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે આજે રાજકોટ ખાતે અનેકવિધ વિકાસકામોના લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લા પંચાયતના નવા ભવનનું ખાતમુહૂર્ત પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ભૂમિપુજન તેમજ તકતી અનાવરણ કરવા સાથે કરવામાં આવ્યું. હાલ હયાત જિલ્લા પંચાયત કેમ્પસમાં જૂની કચેરીના સ્થાને જિલ્લા પંચાયત કચેરીના અત્યાધુનિક સુવિધાઓ સાથેના આ નવા ભવનના નિર્માણ કાર્યનો પ્રારંભ કેબિનેટ મંત્રી સર્વેશ્રી કુંવરજીભાઈ બાવળીયા, શ્રી ભાનુબેન બાબરીયા, શ્રી રાઘવજીભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન રંગાણી, સાંસદશ્રી તેમજ ધારાસભ્યશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.




ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજકોટ ખાતે રૂ. ૩૬.૧૭ કરોડના ખર્ચે ૧૪ હજાર ચો.મી. બાંધકામમાં વિવિધ કચેરીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં બીજા ક્રમનું સ્ટેટ ઓફ ધ આર્ટ એવું નવું ભવન ચાર માળનું બનશે. કેમ્પસમાં સીસી રોડ, ફાયર ફાઈટીંગ સિસ્ટમ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, આરોગ્ય વિભાગનો સ્ટોર, કેન્ટીન, અંડર ગ્રાઉન્ડ અને ઓવર હેડ વોટર ટેંક, ટેરેસમાં ચાઇનામોજેક વોટરપ્રૂફિંગ, વિટરીફાઇડ ટાઇલ્સ ફ્લોરિંગ સહિત અદ્યતન ભવન નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે.

આ તકે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલ મોમેન્ટો તેમજ જિલ્લા પંચાયતની પ્રતિકૃતિ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્યો સર્વેશ્રી ડો. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, જયેશભાઈ રાદડિયા, મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, ઉપપ્રમુખ શ્રી રાજુભાઈ ડાંગર, અગ્રણીઓ સર્વે શ્રી ડો. ભરતભાઈ બોઘરા, અલ્પેશભાઈ ઢોલરીયા,કારોબારી સમિતિના ચેરમેન પી.જી. કયાડા, વિવિધ સમિતિઓના પદાધિકારીઓ તેમજ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, કલેકટર શ્રી પ્રભવ જોશી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.નવનાથ ગવ્હાણે સહિત વરિષ્ઠ અધિકારીઓ, પદાધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ફોબર્સે વિશ્વની સૌથી શક્તિશાળી મહિલાઓની યાદી કરી જાહેર

નવી દિલ્હી, તા. ૧૩: ફોબર્સે વિશ્વની સૌથી શક્તિશાળી મહિલાઓની યાદી જાહેર કરી છે આમાં ભારતના નાણામંત્રી નિર્મલા સીતારમણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સાથે અન્ય ત્રણ ભારતીય મહિલાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે, જેમણે બિઝનેસ સેક્ટરમાં અલગ સ્થાન હાંસલ કર્યું છે.

ફોબર્સની વિશ્વની ૧૦૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં સ્થાન મેળવનાર નિર્મલા સીતારમણને ૩૨મું સ્થાન મળ્યું છે. નિર્મલા સીતારમણ મે ૨૦૧૯ માં ભારતના પ્રથમ પૂર્ણ-સમયના નાણાં પ્રધાન બન્યા અને તેઓ કોર્પોરેટ બાબતોના મંત્રાલયની જવાબદારી પણ સંભાળી રહ્યા છે. નાણામંત્રીની સાથે આ યાદીમાં અન્ય ત્રણ ભારતીય મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ઈઈક કોર્પના ઈઊઘ રોશની નાદર મલ્હોત્રા, સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરપર્સન સોમા મંડલ અને બાયોકોનના સ્થાપક કિરણ મઝુમદાર શો પણ સામેલ છે.





**રોશની નાદરઃ** રોશની નાદર મલ્હોત્રા, જે નાણામંત્રી નિર્મલા સીતારમણની સાથે સૌથી શક્તિશાળી મહિલાઓમાં સામેલ છે, તે ઈઈક્ના સ્થાપક અને ઉદ્યોગપતિ શિવ નાદરની પુત્રી છે. ફોબર્સ અનુસાર, ઈઈક ટેક્નોલોજીસના ઈઊઘ તરીકે, તે કંપનીના તમામ વ્યૂહાત્મક નિર્ણયો માટે જવાબદાર છે. તેણે જુલાઈ ૨૦૨૦માં તેના પિતા બાદ આ જવાબદારી સંભાળી હતી.

**સોમા મંડલઃ** સોમા મંડલ સરકારી માલિકીની સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સેલ)ની પ્રથમ મહિલા અધ્યક્ષ છે. તેમને વર્ષ ૨૦૨૧માં આ જવાબદારી સોંપવામાં આવી હતી અને ખાસ વાત એ છે કે સોમા મંડલના નેતૃત્વમાં જઅઈક સતત નફાકારક રહી છે અને તેમના નેતૃત્વના પ્રથમ વર્ષમાં જ કંપનીના નફામાં ત્રણ ગણો ઉછાળો આવ્યો હતો.

**કિરણ મઝુમદારઃ** ફોબર્સની યાદીમાં સામેલ કિરણ મઝુમદાર-શો ભારતની સૌથી અમીર સેલ્ફ મેડ મહિલાઓમાંની એક છે. બાયોફાર્માસ્યુટિકલ ફર્મ બાયોકોનની સ્થાપના તેમના દ્વારા વર્ષ ૧૯૭૮માં કરવામાં આવી હતી.

# દેશના ૧૧ રાજ્યોમાં શીતલહેરની ચેતવણી

■ **કર્ણાટકમાં વરસાદનું ચલો એલર્ટઃ યુપી, બિહાર, ઝારખંડ, હરિયાણા, રાજસ્થાન, દિલ્હી અને પૂર્વોત્તર ભારતમાં ભારે**



નવી દિલ્હી, તા. ૧૩ઃ દિલ્હી-એનસીઆર સહિત દેશના ઘણા ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસદરમિયાન ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હરિયાણા, રાજસ્થાન, દિલ્હી અને પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદ પડી શકે છે. આ રાજ્યોના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૪ ડિસેમ્બરે રાજસ્થાન, છત્તીસગઢ, જમ્મુ- કાશ્મીર-લદાખ, ગિલગિટ- બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદમાં શીત લહેરની સંભાવના છે. તે જસમયે, ૧૫ ડિસેમ્બરથીદિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ઠંડી વધશે. આગામી ૨૪ કલાક દરમિયાન પશ્ચિમ બંગાળ, બિહાર, આસામ, સિક્કિમ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ગાઢ ધુમ્મસની સંભાવના છે. પૂર્વ ઉત્તર પ્રદેશ અને બિહારમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. આઈએમડીના જણાવ્યા અનુસાર, દિલ્હીવાસીઓને ગુરુવારે તીવ્ર ઠંડીનો સામનો કરવો પડ્યો હતો. તાપમાન ઘટીને ૪.૫ ડિગ્રી સેલ્સિયસ થયું હતું, જે મોસમની સૌથી ઠંડી સવાર હતી. દિલ્હી-એનસીઆરમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. ૮ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. કર્ણાટકમાં આજે પણ વરસાદની ગતિવિધિ ચાલુ રહેવાની શક્યતા છે. આઈએમડીએ દક્ષિણ ક્વાટિકમાં મધ્યમ વરસાદની આગાહી કરી છે. કોરાપુટ, મલકાનગિરી, નવારંગપુર, કાલાહાંડી, કંધમાલ અને રાયગડા જિલ્લામાં ભારે વરસાદ થવાની સંભાવના છે. ૧૪ ડિસેમ્બર સુધી દક્ષિણ કગડ અને ડુપીમાં ભારે વરસાદની અપેક્ષા છે. બેંગ્લોર શહેરી, બેંગ્લોર ગ્રામીણ અને આસપાસના જિલ્લાઓમાં આજે વરસાદ માટે પલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી બે દિવસમાં પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની અપેક્ષા છે, જ્યારે પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં સમાન માર્જિનથી વધારો થવાની વરસાદ પડી શકે છે અપેક્ષા છે. ઉત્તર ભારત માટે આઈએમડીની આગાહી સૂચવે છે કે આગામી ચારથી પાંચ દિવસમાં ઉત્તરપશ્ચિમ અને મધ્ય પ્રદેશોમાં લઘુત્તમ તાપમાન એકદમ સ્થિરી રહેવાની પારણા છે. મેદાની વિસ્તારોમાં જ્યારે લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી સેલ્સિયસ અથવા નીચે જાય છે અથવા જ્યારે તે સામાન્ય કરતાં ૪.૫ થી ૨.૪ ડિગ્રી નીચે આવે છે ત્યારે શીત લહેર જાહેર કરવામાં આવે છે.

## સહકારી મંડળીના બોર્ડ ડિરેક્ટરો માટેની કરાયેલ જોગવાઈ કઈ?

■ **સાંસદ રામભાઈ મોકરિયાનો સંસદમાં પ્રશ્ન**



રાજકોટ તા.૧૩ ચાલુ પાર્લામેન્ટ દરમિયાન રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા દ્વારા સહકાર વિભાગને વિવિધ પૂછવામાં આવેલા હતા. શું સહકારી વ્યવસ્થાપન, નાણા અને અન્ય ક્ષેત્રોમાં નિપુણતા ધરાવતા બહુ રાજ્ય સહકારી મંડળીઓના(મલ્ટી સ્ટેટ કોપરેટીવ સોસાયટી) બોર્ડમાં ડિરેક્ટરો માટે કોઈ જોગવાઈ કરવામાં આવી છે? અને જો એમ હોય તો તેની વિગતો બતાવવા વિનંતી છે. વિગતે પાર્લામેન્ટમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં જવાબ આપવામાં આવેલ છે. સહકાર મંત્રી અમિતભાઈ શાહે જણાવેલ કે બેન્કિંગ ક્ષેત્રે અનુભવ ધરાવતા કો-ઓપટેડ ડિરેક્ટર માટે મલ્ટી સ્ટેટ કોપરેટીવ સોસાયટી એક્ટ,૨૦૦૨ની કલમ ૪૧ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સુધારો અધિનિયમ ૨૦૨૩ના નંબર ૧૧ દ્વારા જોગવાઈ કરવામાં આવેલ છે કે આવા મલ્ટી સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી દ્વારા હાથ ધરવામાં આવતી વસ્તુઓ અને પ્રવૃત્તિઓને લગતા કોઈપણ ક્ષેત્રમાં મેનેજમેન્ટ, સહકારી વ્યવસ્થાપન અને ફાઈનાન્સ અથવા વિશેષતા ધરાવતા હોવા જોઈએ.

## નકલી ઈડી અધિકારીઓની ટોળકીનો કમાન્ડર ગુજરાત આમ આદમી પાર્ટીનો નેતાઃ હર્ષ સંઘવી



અમદાવાદ, તા.૧૩ બોલિવુડ મૂવી સ્પેશિયલ ૨૬ની માફક ગાંધીધામમાં સોની વેપારીને દબાવીને તેના પાસેથી નાણાં અને દાગીના પડાવી લેવા માટે નકલી ઈડીના અધિકારીઓ દ્વારા ખોટો દરોડો પાડવામાં આવ્યો હતો. અમદાવાદ, ભુજ અને ગાંધીધામના ૧૩ લોકોની નકલી ઈડી ટીમમાં સામેલ અમદાવાદની એકમાત્ર મહિલાએ સોનાના દાગીના ચોરી કરી લીધા હતાં. સોની વેપારીને તેની જાણ થઈ જતાં સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. પકડાયેલ નકલી ઈડી ટીમમાં આમ આદમી પાર્ટીના એક નેતાઓ સમાવેશ થાય છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષના ટ્રીટ મુજબ આ નકલી ઈડી ટીમનો કેપ્ટન અબ્દુલસતાર ઈશાક માંજોઠી હતો. તેમને એક્સ પ્લેટફોર્મ પર લખ્યું કે, અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીનું વધુ એક કારનામું સામે આવ્યું છે. ગુજરાતમાં પાર્ટીના એક નેતાએ નકલી ઈડી ટીમ બનાવી અને તેનો કેપ્ટન બની લોકોને લૂંટ્યા! કચ્છમાં પકડાયેલ નકલી ઈડી ટીમ કમાન્ડર ગુજરાતનો આમ આદમી પાર્ટીનો નેતા હોવાનું બહાર આવ્યું છે. આ છે કેજરીવાલના શિષ્યોના કુકર્મોનો ખરો પુરાવો! પૂર્વ કચ્છ પોલીસે નકલી ઈડીના અધિકારી બનેલા ૧૩ પૈકીના ૧૨ લોકોને ઝડપી ૨૨ લાખના દાગીના અને ગુનામાં વપરાયેલી ૩ કાર સહિત ૪૫ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે. ૧૫ દિવસ પહેલા ચાની હોટલ પર ઈડીના અધિકારી બની ખોટી રેડ પાડવાનો પ્લાન બનાવવામાં આવ્યો હતો, પરંતુ આયોજન મુજબ ન થતાં અને અમદાવાદથી આવેલા સાગરિતો દ્વારા દગો કરવામાં આવતા પ્લાન ફેલ થયો હતો. નકલી ઈડી અધિકારીઓમાં ભરતભાઈ શાંતિલાલ મોરવાડીયા, દેવાયત વીસુભાઈ, અબ્દુલસતાર ઈશાક માંજોઠી, હિતેષ ચત્રભુજ, વિનોદ રમેશ, ઈયુઝીન અગસ્ટીન ડેવીડ, આશિષ રાજેશભાઈ, અમદાવાદ, ચન્દ્રરાજ મોહનભાઈ, ચાંદખેડા, અમદાવાદ, અજય જગન્નાથ દુબે, સાબરમતી અમદાવાદ, અમિત કિશોરભાઈ મહેતા, ચાંદખેડા, અમદાવાદ, નિશા અમિત મહેતા ચાંદખેડા,અમદાવાદ, શૈલેન્દ્ર અનિલકુમાર દેસાઈ, અમદાવાદનો સમાવેશ થાય છે જ્યારે એક આરોપ વિપીન શર્મા, અમદાવાદ ફરાર છે.

# રેલવે યુનિયનની ચૂંટણીમાં રાજકોટ ડિવિઝનમાં વેસ્ટર્ન રેલવે એમ્પલોઇઝ યુનિયનનો દબદબો

### ૧૧ વરસ બાદ યોજાયેલી ચૂંટણીમાં પ્રથમ નંબરે વેસ્ટર્ન રેલવે મઝદુર સંઘ યુનિયનના એકચક્રી પ્રભાવનો સૂર્યાસ્ત




રાજકોટ,તા.૧૩

રેલવેના યુનિયનની માન્યતા માટે યોજાયેલી રાષ્ટ્રવ્યાપી ચૂંટણીમાં રાજકોટ ડિવિઝનમાં વેસ્ટર્ન રેલવે એમ્પલોઇઝ યુનિયન ઉપર કર્મચારીઓએ વિજયની મહોર મારી છે. સૌથી કર્મચારીઓની લોકચાહના મેળવી વેસ્ટર્ન રેલવે એમ્પલોઇઝ યુનિયનને સૌથી વધુ મત સાથે વિજયી બનાવ્યુ છે. ૧૧ વર્ષ બાદ યોજાયેલી ચૂંટણીમાં મોટુ પરિવર્તન આવ્યુ છે. કર્મચારીઓએ ૧૭૪૧ મત આપી વેસ્ટર્ન રેલવે એમ્પલોઇઝ યુનિયનને સર્વોચ્ચ યુનિયન તરીકે પસંદ કર્યુ છે.

વેસ્ટર્ન રેલવે એમ્પલોઇઝ યુનિયનના ઝોનલ સેક્રેટરી (દિલ્હી) નિખિલ જોશી, મંડલ સચિવ મયુર ગઢવી, મંડલ અધ્યક્ષ જીતેન્દ્ર સતાપરા, બ્રાન્ચ સચિવ અને જેસી બેન્કના ડાયરેકટર ઘનશ્યામસિંહ જાડેજાએ તમામ કર્મચારી મિત્રોનો વેસ્ટર્ન રેલવે એમ્પલોઇઝ યુનિયન ઉપર મૂકેલા વિશ્વાસ બદલ આભાર માન્યો હતો. તેમણે જણાવ્યુ હતું કે તમામ નાના મોટા કર્મચારીને કોઇ પણ જાતના ભેદભાવ વગર તેમના પ્રશ્નોમાં હંમેશા સહાયક બનશે. તેમજ રેલવે મેનેજમેન્ટ અને કર્મચારી ગણ વચ્ચે આ સંગઠન નિષ્ઠાપૂર્વક હકારાત્મક વલણ રાખી સેતુબંધનું કામ કરશે. ૧૧ વર્ષ બાદ રેલવે યુનિયનની ચૂંટણી યોજાઇ તેમાં કુલ ૬ સંગઠને ચૂંટણીમા જંપલાવ્યુ હતું. કર્મચારીઓ પરિવર્તન ઇચ્છીને હરિફ સંગઠન વેસ્ટર્નરિલવે એમ્પલોઇઝ યુનિયનને સૌથી વધુ મત આપી પ્રથમ નંબરે વિજેતા બનાવ્યુ છે.

# ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખેડૂતોને પ્રતિ મણે રૂા.૨૦૦નો ફાયદોઃ કૃષિમંત્રી

### રાજ્યમાં ૧૬૨ કેન્દ્રો ઉપર મગફળીની ખરીદી શરૂ; ખરીદી પ્રક્રિયા ઝડપી બનાવવા આદેશ



રાજકોટ, તા.૧૩

સમગ્ર રાજ્યમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી પ્રક્રિયામાં ૧૬૨ કેન્દ્રો ઉપર મગફળીની ખરીદી શરૂ છે. ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં પ્રતિ મણ રૂા. ૧૩૫૬થી ખરીદી થઇ રહી છે. જે ઓપન બજારની સરખામણીએ વધુ ભાવ ખેડૂતોને મળે છે. ખેડૂતોને પ્રતિ મણ રૂા.૨૦૦નો ફાયદો થઇ રહ્યો છે. તેમ રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઇ પટેલે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું.

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઇ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ખેડૂતોને મગફળીના ભાવ સારા મળે તે માટે સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદી રહી છે. ખેડૂતોને ઓપન બજારની સરખામણીએ સારા ભાવ મળતા મગફળી વેંચી રહ્યા છે. મગફળી ખરીદીની પ્રક્રિયા તમામ કેન્દ્રોની ઝડપી બને કોઇ ખેડૂત બાકી ન રહે તે માટે સુચના આપવામાં આવી છે.

વધુમાં કોઇપણ કેન્દ્રમાં મગફળીની ધીમી ખરીદીની ફરિયાદ મળશે તો તેનું તાત્કાલીક નિરાકરણ લાવવામાં આવશે તેમ અંતમાં કૃષિ રાઘવજીભાઇ પટેલે જણાવ્યું હતું.

# રાજકોટ જિલ્લાના ૧.૨૩ લાખ ઉજજવલા લાભાર્થીઓને ૧ ગેસ સિલિન્ડર રીફીલિંગનો લાભ મળશે

### જિલ્લા પુરવઠા અધિકારીની અધ્યક્ષતામાં ગેસ એજન્સી એસોસિએશનની બેઠક યોજાઈ



રાજકોટ તા.૧૪

રાજકોટ કલેકટર કચેરી ખાતે જિલ્લા પુરવઠા અધિકારીની અધ્યક્ષતામાં ગેસ એજન્સી એસોસિયેશનના પ્રમુખ તેમજ રાજકોટ ખાતેના ઓ.એમ.સી જેમકે આઇ.ઓ.સી.એલ, બી.પી.સી.એલના અધિકારીઓ સાથે પ્રધાનમંત્રી ઉજજવલા યોજના અંગેની ઓક્ટોબર ૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૪ના બીજા ક્વાર્ટરમાં મળવાપાત્ર વિનામૂલ્યે એક ગેસ સિલિન્ડર રિફિલિંગના લાભ આપવાની કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

બેઠકમાં વર્ષ ૨૦૨૪માં એપ્રિલ થી જુન દરમિયાનના પ્રથમ ક્વાર્ટરમાં રાજકોટ જિલ્લાના ૧,૩૨,૩૦૪ લાભાર્થીઓને ફ્રી ગેસ રીફીલિંગની સુવિધા આપવામાં આવી છે તથા ઓક્ટોબર થી ડિસેમ્બરના બીજા ક્વાર્ટરના ફ્રી રીફીલિંગની સુવિધામાં રાજકોટ જિલ્લાના ૧,૨૩,૬૧૮ લાભાર્થીઓ પાત્રતા ધરાવે છે. જેમને ચાલુ માસ દરમિયાન સમયમર્યાદામાં લાભ મળી રહે તે માટે જિલ્લા પુરવઠા અધિકારીએ તાકીદ કરી હતી.

# ઇમ્પીરીયલ હાઇટસમાં શોરૂમ, નહેરૂનગરમાં કારખાનુ સીલ કરાતા ધડાધડ ચેક જમા થયા

### વેરા વસુલાત ઝુંબેશમાં આજે રણછેડવાડી અને વિધ્યુતનગર પાસે નળ જોડાણ કટ



રાજકોટ, તા. ૧૪



મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસૂલાત કામગીરી અંતર્ગત આજે વધુ ૧૦ મિલ્કત સીલ કરીને બે નળ કનેક્શન કાપવામાં આવ્યા છે.વોર્ડ નં.૪ના કુવાડવા રોડ, શક્તિ પાર્ક, વોર્ડ નં.૮ના અક્ષર માર્ગના તપોવન સોસાયટી, વોર્ડ નં.૧૩ના ઉમાકાંત પંડિત, ઉધોગનગર, ગોકુલનગર, મારૂતિ ઇન્ડ., વોર્ડ નં.૧૫ના મીરા ઉધોગીક, વોર્ડ નં.૧૬ના સિંદુરીયાખાણ સામે, સદભાવના સોસાયટીમાં સીલની કાર્યવાહી કરતાં રીકવરી થઇ હતી.

વોર્ડ નં.પના રણછોડવાડી-૬ અને વોર્ડ નં.૮માં વિદ્યાતનગર સોસાયટી નજીક શ્રેય સામે નળ કનેક્શન કપાતા ચેક જમા થયો હતો. બિગ બજાર સામે ઇમ્પીરીયલ્સ હાઇટ્સમાં ગો ફેશન દુકાન સીલ કરાતા ચાર લાખનો ચેક જમા થયો હતો. વોર્ડ નં.૧૮ નહેરુનગર, ઇન્ડ. એરીયામાં જે.બી. એન્જી. સામે સીલની કાર્યવાહી કરતાં વેરો જમા થયો હતો. આજે ૧૪.૭૧ લાખની રીકવરી સાથે ચાલુ વર્ષની કુલ આવક ૩૨૨.૩૬ કરોડ પહોંચી છે.

બે દિવસમાં ૫૦ ધંધાર્થી પાસેથી વધુ અઢી કિલો પ્લાસ્ટિક જપ્તઃ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે બે દિવસમાં ૫૦ ધંધાર્થી પાસેથી અઢી કિલો પ્લાસ્ટિક જપ્ત કરી જાહેરમાં ગંદકી કરતા રૂા. ૧૧૩૦૦નો વહીવટી ચાર્જ વસુલ કર્યો હતો. સેન્ટ્રલ ઝોનમાં ૧૨, વેસ્ટ ઝોનમાં ૧૫, ઈસ્ટ ઝોનમાં ૨૩ આસામી પાસેથી આ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જપ્ત કરવામાં આવ્યો હતો.

### ગોંડલ માર્કેટિંગ યાર્ડ દ્વારા

# આકસ્મિક અવસાન પામનાર ખેડુત ખાતેદારના વારસદારોને ચેક વિતરણ કરવામાં આવ્યાં

જેતપુર,તા.૧૪

ગોંડલ માર્કેટિંગ યાર્ડ દ્વારા આકસ્મિક અવસાન પામનાર ખેડુત ખાતેદારના વારસદારોને ધારાસભ્યના પ્રતિનિધિ અને યુવા અગ્રણી ગણેશભાઈ તેમજ યાર્ડના વાઇસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, યાર્ડના ડિરેક્ટર કચરાભાઈ વૈષ્ણવ, વલ્લભભાઈ ડોબરીયા, તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર, શહેર ભાજપ મહામંત્રી સમીરભાઈ કોટડીયા સહીત આગેવાનો દ્વારા ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. ખંભાલીડા ના ઉપેન્દ્રસિંહ જાડેજા નુ અવસાન થતા તેમના વારસદાર તરીકે નયનાબા જાડેજા, દેવચડીના હરેશભાઈ શિયાળા ના વારસદાર શીતલબેન શિયાળ, દેરડી કુંભાજી ના ભાવેશભાઈ ખાતરા ના દેવશીભાઈ ખાતરા અને દેરડીના સોનલબેન ખાતરા ના અનિલભાઈ ગોરસીયા ને આકસ્મિક વીમા પોલીસી અંતર્ગત રૂપિયા પાંચ લાખ ના ચેક વિતરણ કરવામાં આવ્યા હતાં.

### ૧૧ તાલુકાની શાળાઓનો સમય અડધો કલાક મોડો

# રાજકોટ જિલ્લાની ૮૦૦થી વધુ પ્રાથમિક શાળાઓમા વિદ્યાર્થીઓને ૨૮ ફેબ્રુઆરી સુધી મોડું આવવાનું રહેશે



રાજકોટ,તા.૧૪

રાજ્યમાં આગામી દિવસોમાં કોલ્ડ વેવની સંભાવનાને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેરની શિક્ષણ સમિતિ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માફક જિલ્લા પંચાયતની હસ્તકની શાળાઓનો સમય પણ અડધો કલાક મોડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં એક પાળીમાં ચાલતી શાળાનો સમય શનિવારે અડધો કલાક મોડો જ્યારે ૨ પાળીમાં ચાલતી શાળાનો સમય સવારે અને બપોરે અડધો કલાક મોડો રહેશે. ૨૮મી ફેબ્રુઆરી સુધી આ નિયમ લાગુ પડશે. રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં આવેલી ૮૦૦થી વધુ શાળાઓને આ નિયમ લાગુ પડશે. રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે ૧૧ તાલુકાનાં તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીને કરેલા પરિપત્રમાં જણાવ્યું હતું કે, રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ દરમિયાન કોલ્ડવેવની સંભાવના છે, જેને પગલે શિયાળાની સીઝનમાં ભારત ઠંડી પડવાની છે, જેને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં આવેલી જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓમાં સવારની પાળીની શાળાઓનો સમય શનિવારે અડધો કલાકનો રાખવાનો રહેશે. જ્યારે સવાર અને બપોર એમ બે પાળીમાં ચાલતી શાળાઓનો સમય ૨૮ ફેબ્રુઆરી સુધી અડધો કલાક મોડો રહેશે.ઉલ્લેખનીય છે કે, રાજકોટના ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી અને શાસનાધિકારી કિરીટસિંહ પરમારે તાજેતરમાં જ એટલે કે બુધવારે શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓ તેમજ શહેર તેમજ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સવારની પાળીમાં ચાલતી શાળાઓનો સમય ૭.૧૦ ને બદલે ૭.૪૦નો કરવા આદેશ અપાયો હતો. જ્યારે હવે જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને શાળાએ અડધો કલાક મોડું જવાનું રહેશે અને તેથી છૂટવાનો સમય પણ અડધો કલાક મોડો રહેશે.

# એરપોર્ટ રોડ ઉપર મંદિર પાસે અસામાજીક તત્વોનાં ગેરકાયદે વસવાટથી વિસ્તારનાં લોકો ત્રસ્ત

### તાત્કાલિક પગલા લેવા પોલીસ કમિશનરને રજૂઆત કરતા વેપારીઓ અને રહેવાસીઓ




રાજકોટ,તા.૧૪

એરપોર્ટ રોડ, વોર્ડ નં.૨માં આવેલ મારૂતેશ્વર મંદિર તથા પુલ અને રોડ ઉપર કાયદેસર કબ્જો જમાવી બેસેલા તત્વો સામે પગલા લેવા રહેવાસીઓ અને વેપારીઓએ પોલીસ કમિશનરને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરતા જણાવેલ હતું કેએરપોર્ટ રોડ પર આવેલ મારૂતેશ્વર મહાદેવ મંદિર પાસે જાહેરમાં વોંકળા નાલા પાસે સદ્ગુરૂ વાટિકા બિલ્ડીંગ પાસે છેલ્લા સમયથી રહેતા અસામાજિક તત્વો બળજબરી પૂર્વક જાહેર રસ્તા પર વોકળા પર બિન કાયદેસર વસવાટ કરે છે.

જે લોકો જાહેરમાં શૌચક્રિયા, સ્નાન લઘુશંકા, કરતા હોય અભદ્ર ભાષામાં બોલતા હોય જાહેરમાં નોનવેજ રસોઈ બનાવતા હોય જયાં મંદિર આવેલ છે. તથા જાહેરમાં નોનવેજ બનાવવાને કારણે આસપાસના રહેવાસી તથા આવેલ હોકર્સ ઝોન વેપારી ગ્રાહકે ાને વારંવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

તો આવા જાહેર ત્રાસથી મુકિત અપાવવી આ અગાઉ પણ આયકર વિભાગ (ઈન્કમટેક્ષ) વિસ્તારના લોકો મારૂતેશ્વર મહાદેવ મંદિર, મહિલા મંડળ, સદ્ગુરૂ વાટિકાએપાર્ટમેન્ટ તથા અન્ય રહેવાસીએ અહી આવેલ વોર્ડ નં.૨ ઓફિસ તથા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે અરજી કરેલ હોય પણ હજુ સુધી કોઈ નકકર પગલાં લેવામાં આવેલ નથી. આ પહેલા પણ વિસ્તારમાં છુટક ચોરી તથા માલ સામાનની ચોરી થતી હોય તથા આ લોકો સરકારી માલસામાનની પણ ચોરી કરી ભંગાર બજારમાં વેચી નાખે છે.

સૌથી મહત્વની બાબત એ છે કે આ લોકોના ત્રાસથી સવાર સાંજ રોડ પર ગંદકી, ગંદવાડો રહે છે. અને અન્ય જમાવડો રહે છે. તો તાત્કાલિક આવા તત્વો સામે પગલા લેવા જરૂરી છે.

# રાજકોટ રેલવે ડિવિઝનની મિકેનાઈઝ લોન્ડ્રીમાં ડેઈલી ૫૫૦૦ બેડરોલનું ધોવાણ



રાજકોટ,તા.૧૪

મુસાફરોની મુસાફરી સુખદ, સુવિધાજનક અને આરામદાયક બને તે માટે રાજકોટ રેલ્વે ડિવિઝન તેના મુસાફરોની સંપૂર્ણ કાળજી લઈ રહ્યું છે. પ્રવાસ દરમિયાન એસી કોચમાં મુસાફરોને બેડિંગ ની સામગ્રી પણ આપવામાં આવે છે.

મુસાફરોની બેડિંગ ની સામગ્રી સ્વચ્છ અને આરોગ્યપ્રદ હોય તેની ખાસ કાળજી લેવામાં આવે છે. રેલ્વે એસી કોચમાં દરેક મુસાફરને બેડિંગ તરીકે બે બેડશીટ, ઓશીકાનું કવર, એક ટુવાલ અને એક ધાબળો આપવામાં આવે છે. લિનનની સફાઈ માટે રાજકોટમાં રેલ્વેની મિકેનાઈઝ લોન્ડ્રીની સુવિધા ઉપલબ્ધ છે.

જેમાં ૦૪ વોશર, ૦૨ ડ્રાયર, ૦૨ ઈસ્ત્રી ની મશીન અને ૦૨ બોઈલર છે. સરેરાશ, આ લોન્ડ્રી દર અઠવાડિયે ૧૭ ટ્રેનોના ૧૧૮ કોચમાં લિનનના ૨૩૧૫૦ સેટની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે, એટલે કે દરરોજ ૫૫૦૦ બેડશીટ્સના, ૩૧૦૦ પીલો કવર, ૩૧૦૦ ટુવાલ અને ૨૫ ધાબળા દરરોજ ટ્રેનમાં આપવામાં આવે છે. લોન્ડ્રીમાં બેડશીટ, ઓશીકાના કવર અને ટુવાલ દરેક ઉપયોગ પછી સાફ કરવામાં આવે છે, જ્યારે ધાબળા દર ૩૦ દિવસમાં એકવાર સાફ કરવામાં આવે છે.

આ સિવાય ગરમ હવાથી સ્ટેરિલાઈઝેશન પણ કરવામાં આવે છે. રાજકોટ ડિવિઝનની બાકીની ટ્રેનોમાં પણ સ્વચ્છ બેડ રોલ અને ધાબળા ની સપલાઈ સુનિશ્ચિત કરવામાં આવે છે. બેડ રોલ સફાઈની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે સુપરવાઈઝર દ્વારા સમયાંતરે તપાસ કરવામાં આવે છે.

# અમેરિકા ૧૭૯૪૦ ભારતીયોને પરત ધકેલશે: મોટાભાગનાં ગુજરાતી

## ઈમિગ્રેશન વિભાગે ગેરકાયદે વસવાટ કરનારાનું લિસ્ટ જારી કર્યું પંજાબ તથા આંધ્રપ્રદેશના લોકો હોવાનો પણ નિર્દેશ દેશનિકાલ પ્રક્રિયામાં ભારત સહકાર આપતુ ન હોવાનો દાવો

અમદાવાદ તા.૧૪

અમેરિકામાં નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આવતા મહિને પદગ્રહણ કરનાર છે.ગેરકાયદે ઘુસેલાઓને અમેરીકામાંથી હાંકી કાઢવાનુ જાહેર કર્યું છે. અને અમેરીકી ઈમીગ્રેશન વિભાગે અત્યારથી જ લીસ્ટ બનાવવા માંડ્યુ છે. જયારે પ્રથમ લીસ્ટમાં ગુજરાતીઓ સહીત ૧૮૦૦૦ ની યાદી તૈયાર થઈ છે.આ ભારતીયોએ બિસ્તરા પોટલા બાંધવાનું પણ શરૂ કરી દીધુ છે.

અમેરિકી ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ દ્વારા ૧૭૯૪૦ ભારતીયોનું લીસ્ટ જારી કર્યું છે. ગેરકાયદે વસવાટ કરતાં ૧૪.૪૫ લાખ લોકો પૈકીનાં આ લીસ્ટમાં મોટાભાગના ગુજરાતી તથા પંજાબ અને આંધ્રપ્રદેશનાં લોકો છે.આ પૈકીનાં અનેક સામે કેસ છે અને સુનાવણી છે.ત્રણ વર્ષ દરમ્યાન નિર્ધારીત થયેલી છે. છેલ્લા ત્રણ વર્ષથી અમેરિકામાં ઘુસવાનો પ્રયાસ કરતાં ૯૦,૦૦૦ ભારતીયો પકડાયા




હોવાનું ઉલ્લેખનીય છે.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે અમેરીકામાં ગેરકાયદે વસવાટ કરતાં ભારતીયોમાં ગુજરાતી, પંજાબી અને આંધ્રપ્રદેશનાં લોકોની સંખ્યા વધુ છે. ઈમીગ્રેશન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે મધ્ય અમેરીકાનાં હોન્ડુરાસમાં ૨.૬૧ લાખ ગેરકાયદે વસાહતી ઓળખાયા છે જયારે બીજા ક્રમે ઓટેમાલાનાં ૨.૫૩ ગેરકાયદે વસાહતી છે.

અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતાં ૩૭૯૦૮ લોકો ચીનનાં છે.ભારતનો ગેરકાયદે વસાહતીઓમાં ૧૩ મો ક્રમ છે. ભારત-ચીનને બાદ કરતાં ટોપ-૧૫ દેશો અમેરિકાની જ આજુબાજુનાં છે. મહત્વની વાત એ છે કે રીપોર્ટમાં સમગ્ર પ્રક્રિયામાં ભારત તરફથી યોગ્ય સહકાર મળતો ન હોવાનું જણાવવામાં આવ્યું છે.

ભારતીય તંત્ર તરફથી યોગ્ય સંકલન થતુ ન હોવાથી દેશનિકાલ પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે. આ પડકાર ઉકેલવા માટે રાજદ્વારી પગલા વિચારવામાં આવી રહ્યા છે. અમેરિકામાં ગેરકાયદે વસાહતીઓનાં મૂળ દેશો પોતાના નાગરીકોની ઓળખ કરે તેવી અમેરીકન પ્રક્રિયા છે.આવા નાગરીકોને પરત ફરવાની વ્યવસ્થા વિશે પણ રીપોર્ટમાં કહેવાયું છે. આ પ્રક્રિયામાં સંકલન-મદદ નહી કરતા દેશોને સહકાર ન આપતા રાષ્ટ્રોની યાદીમાં મુકવામાં આવે છે. હાલ ભુટાન, હોંગકોંગ, રશીયા,ચીન, પાકિસ્તાન સહીત ૧૫ દેશોને આ યાદીમાં મુકાયા છે.


નવનિયુકત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગેરકાયદે વસાહતીઓને બહાર કાઢવાની કટીબદ્ધતા જાહેર કરી જ છે. ઈમીગ્રેશન નીતિ કડક બનાવીને કડક અમલ કરવાનુ જાહેર કર્યુ છે. દેશ નિકાલનાં આખરી ઓર્ડર થઈ ગયો હોય તેઓને તુર્તજ અમેરિકામાંથી બહાર કાઢશે.

# અમદાવાદમાં પાલતુ શ્વાનોનું રજીસ્ટ્રેશન ફરજિયાત, ૧લી જાન્યુઆરીથી SCની ગાઈડલાઈનનો અમલ શરૂ

## માલિકોની પણ નોંધણી થશે: રાજકોટ સહિતના શહેરોમાં માત્ર વિચાર!

અમદાવાદ,તા.૧૪

જાહેરમાં રખડતા શ્વાનોનો ત્રાસ દુર કરવા વ્યંધીકરણ સહિતના પગલા લેવામાં આવે છે, પરંતુ શ્વાનોના આતંક ગંદકીના ન્યુસન્સ પર રોક લાગતી નથી. હવે પાલતુ શ્વાનો માટે પણ રજીસ્ટ્રેશનથી માંડી રસીકરણનો નિયમ આવી રહ્યો છે.અમદાવાદ કોર્પોરેશને તા.૧થી આ નિયમના પાલનની જાહેરાત કરી છે તો ઘરથી માંડી સોસાયટીમાં પાલતુ શ્વાનો પણ ઘણી જગ્યાએ ત્રાસ ફેલાવતા હોય આવા પેટનો પણ રેકોર્ડ માલિકોના દસ્તાવેજો સાથે રહેશે.રાજકોટ જેમાં શહેરમાં પણ થોડા વર્ષો અગાઉ પેટના રજીસ્ટ્રેશનની વાત થઈ હતી. પરંતુ તે વાત આગળ વધી ન હતી. ઘરમાં ડોગી



રાખવાનાં શોખીન નાગરિકોએ હવે ૧લી જાન્યુઆરીથી અમદાવાદ મ્યુનિ.માં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું પડશે.સીએનસીડી ખાતાનાં સતાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, સુપ્રિમ કોર્ટનાં નિર્દેશનો તેમજ એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન વગેરે અનુસાર એનિમલ બર્થ કંટ્રોલ ડોગ્સ રૂલ્સ-૨૦૨૩ અનુસાર ઘરમાં રાખવામાં આવતાં દેશીવિદેશી પાલતુ શ્વાન (પેટ ડોગ)નુ રજીસ્ટ્રેશન ૧લી જાન્યુઆરીથી કરાવવુ ફરજીયાત બને છે.નાગરિકોએ તેમનાં પેટ ડોગનુ રજીસ્ટ્રેશન ૯૦ દિવસમાં કરાવવાનુ રહેશે અને ૨૦૦ રૂપિયા ફી ભરવાની સાથે પેટ ડોગનાં ફોટા તથા તેને રાખવાની જગ્યાનાં ફોટા પણ મ્યુનિ. વેબસાઈટ ઉપર અપલોડ કરવા પડશે. તેવી માહિતી આપતાં સૂત્રોએ કહ્યું કે, શહેરમાં રખડતાં શ્વાનની ગણતરી કરવામાં આવે છે, પરંતુ નાગરિકો ઘરમાં જે પેટ ડોગ રાખે છે તેની કોઈ ગણતરી કરવામાં આવી નથી.ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં ઘરે પેટ ડોગ રાખનારા નાગરિકોએ તેમનુ આધારકાર્ડ-ચુંટણીકાર્ડ, ટેકસ બિલ તથા લાઈટબિલ વગેરે પણ અપલોડ કરવા પડશે. ઘરે રખાતાં પેટ ડોગનુ ફરજીયાત રસીકરણ કરાવવું પડશે, જે તેમનાં વેટરનરી ડોકટર પાસે કરાવી શકાશે. ત્યારબાદ પાલતુ શ્વાન (પેટ ડોગ)ને આરએફઆઈડી ચીપ અને ટેગ લગાવાશે. શહેરમાં રખડતાં કુતરાનુ ખસીકરણ કરાય છે તે રીતે પાલતુ કુતરાનું ખસીકરણ કરાશે નહિ, પરંતુ જો તેનાં માલિક ઈચ્છે તો મ્યુનિ. દ્વારા પેટ ડોગનુ ખસીકરણ કરી અપાશે.

# ૨૨મી ડિસેમ્બરે વેરા નિરીક્ષકની લેખિત પરીક્ષા, પહેલીવાર ઉમેદવારોની લેવાશે બાયો મેટ્રિકથી હાજરી

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ની ભરતી જાહેર કરાઈ હતી. જેની લેખિત પરીક્ષા ૨૨મી ડિસેમ્બર ૨૦૨૪ લેવામાં આવશે. ત્યારે આ પરીક્ષાને લઈને ના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું કે, 'રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષામાં પહેલીવાર બાયો મેટ્રિક ફિંગર પ્રિન્ટ લેવાશે. આ ઉપરાંત ઉમેદવારોને પરીક્ષામાં પહોંચવા એસટી બસની વ્યવસ્થા કરાઈ છે.'

રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા અંગેની માહિતી આપતાં હસમુખ પટેલે જણાવ્યું હતે કે, 'આ પરીક્ષા માટે ૧.૮૫ લાખ સહમતિ પત્ર આવ્યા છે, જ્યારે સમગ્ર જિલ્લામાં ૭૫૪ પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત પહેલીવાર બાયો મેટ્રિક ફિગર પ્રિન્ટ સેન્ટર ખાતે લાવશે. ઉમેદવારને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવા માટે કોઈ તકલીફ ન પડે તે માટે વાહન વ્યવહારના એમડી સાથે ચર્ચા કરી છે. તેમને તમામ પરીક્ષા કેન્દ્ર સુધી ઉમેદવાર પહોંચે તેવી બસ વ્યવસ્થા કરી આપશે.'

વધુમાં ના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું કે, 'એક ઉમેદવારની રજૂઆત હતી કે લેટ ફી ભરીને કોલ લેટર ડાઉનલોડ થઈ શકતા નથી. પરંતુ હવે સિસ્ટમ બરાબર ચાલી રહી છે લેટ ફી ભરી શકાય છે અને કોલ લેટર ડાઉનલોડ કરી શકાય છે. ઉમેદવાર પોતાની પેમેન્ટ સિસ્ટમ ચેક કરી લે.'

# ખ્યાતિ હોસ્પિટલ કાંડઃ મની લોન્ડરિંગનો કેસ દાખલ

## આરોપીઓએ નાણાંકીય હેરાફેરી કર્યાના સંકેતથી ઈડીએ તપાસમાં ઝંપલાવ્યું ઈન્કમટેક્સને પણ રીપોર્ટ કરાયો

અમદાવાદ, તા.૧૪

શહેરની બહુચર્ચિત અને કુખ્યાત બનેલી ખ્યાતિ હોસ્પિટલમાં થયેલાં બે લોકોના મૃત્યુ બાદ સત્તાવાર રીતે શરૂ કરાયેલી તપાસના અંતે હવે આ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઈડી) પણ દાખલ થયું છે. આ હોસ્પિટલના કૌભાંડમાં સંડોવાયેલા કેટલાંક આરોપીઓએ મની લોન્ડરિંગ કર્યું હોવાની આશંકાએ ઈડીએ તેઓ વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફર્મેશન રિપોર્ટ(ઈસીઆઈઆર) એટલે કે ફરિયાદ નોંધી છે.

ક્રાઈમ બ્રાન્ચના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે ઈડીના અધિકારીઓએ ગુરુવારે રાત્રે તપાસ શરૂ કરી હતી અને ફરિયાદ નોંધી હતી. અમે ખ્યાતિ હોસ્પિટલના વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૪ સુધીના તમામ એકાઉન્ટના ઓડિટ રિપોર્ટની નકલ ઈડીના અધિકારીઓને પૂરી પાડી છે. ઈડી આ કેસમાં મની લોન્ડરિંગના મુદ્દાને ધ્યાનમાં રાખીને તપાસ કરી રહી છે એમ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ કહ્યું હતું.ઉલ્લેખનીય છે કે, આ કૌભાંડી હોસ્પિટલે છેલ્લા ત્રણ વર્ષમાં ૩૮૦૦ જેટલા ઓપરેશન હાથ ધર્યા હતા અને સંખ્યાબંધ દર્દીઓની મેડિકલ સારવાર કરી હતી. ગત વર્ષે આ હોસ્પિટલે પીએમજય યોજના અંતર્ગત ૧૫૦૦ લોકોના ઓપરેશન કર્યા હતા તેમ છતાં આશ્ચર્ય તો એ વાતનું છે કે હોસ્પિટલે ગત વર્ષના ઓડિટ રિપોર્ટમાં હોસ્પિટલને નુકસાન થયું હોવાનું દર્શાવ્યું હતું.તપાસ કરનારા અધિકારીઓના કહેવા મુજબ આ ઘટના બાદ ઈન્કમટેક્ષ વિભાગની અમદાવાદની કચેરીના




અધિકારીઓને પણ જાણ કરી દેવામાં આવી છે અને તેઓ પણ આગામી એક- બે દિવસમાં તેઓની સ્વતંત્ર તપાસ શરૂ કરી શકે છે. બીજી બાજુ ક્રાઈમ બ્રાન્ચે પણ આ હોસ્પિટલના ડોક્ટરો દ્વારા કરાયેલા ઓપરેશન દરમ્યાન અન્ય ચાર લોકોના થયેલા મોતના કેસમાં તપાસ શરૂ કરી દીધી છે. આ અંગે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશને અકસ્માતે મોત થયા હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

જામીન અરજીની સામે કરેલી એફિડેવિટમાં એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે, ખ્યાતિ હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલ તથા તેના ડાયરેક્ટર્સ ચિરાગ રાજપૂત, ડો.સંજય પટોલિયા, રાજશ્રી કોઠારી તથા રાહુલ જૈનની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંથલી મીટિંગ કાર્તિક પટેલની અમદાવાદ ખાતેની ઓફિસમાં યોજાતી હતી અને મહિનામાં બે વખત રિવ્યુ મીટિંગ યોજાતી હતી.

જેમાં ખ્યાતિ હોસ્પિટલને વધુમાં વધુ આવક થાય તે હેતુસર મેડિક્લ સહાય આપતી સરકારની યોજનાઓના ઓઠા હેઠળ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવા અને વિવિધ પ્રકારના ફ્રી હેલ્થ કેમ્પ યોજવાની ચર્ચા થતી હતી. આરોપીઓ દ્વારા વધુમાં વધુ વ્યક્તિઓને દર્દી તરીકે હોસ્પિટલમાં લાવવાનો ટાસ્ક કાર્તિક પટેલ અને અન્ય સહ આરોપીઓ દ્વારા સોંપવામાં આવતો હતો.

હોસ્પિટલ દ્વારા ડખઉંઅઢ યોજના હેઠળ અત્યાર સુધીમાં રૂ.૧૬.૧૪ કરોડથી વધુની રકમ મેળવાઇ છે. હોસ્પિટલની માર્કેટિંગ ટીમ દ્વારા અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારના જનરલ પ્રેકિટશનર ડોક્ટર્સને દર્દી દીઠ નાણાંનું તગડું કમિશન પણ ચેરમેન કાર્તિક પટેલની સહીથી ચૂકવાતું હતું.

ખ્યાતિ હોસ્પિટલના કાંડમાં વિદેશમાં ફરી રહેલા હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલે ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી કરી છે. જેની સામે ક્રાઈમ બ્રાન્ચે એફિડેવિટ ફાઇલ કરી એવી રજૂઆત કરી છે કે, કાર્તિક માર્કેટિંગ ટીમને વધુમાં વધુ ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવા તથા આસપાસના ગામડાના વિસ્તારોના ક્લિનિક્સના ડોક્ટર્સનો સંપર્ક કરવા નિર્દેશ આપ્યો હતો.

# લેપટોપ્સ, PC તથા ટેબ્લેટસની મુકત આયાત વધુ એક વર્ષ લંબાવાઈ

મુંબઈ લેપટોપ્સ, પરસનલ કોમ્પ્યુટર્સ તથા ટેબ્લેટસની અમર્યાદિત આયાતને મંજુરી આપતી વ્યવસ્થાને કેન્દ્ર સરકારે વધુ એક વર્ષ લંબાવી ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલુ રાખી છે. આ વ્યવસ્થા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના સમાપ્ત થનાર હતી. ઘરઆંગણે હજુ માગ પ્રમાણે પૂરતા પ્રમાણમાં ઉત્પાદન થતું નહીં હોવાનું ધ્યાનમાં રાખી આ નિર્ણય આવી પડયો હોવાનું માનવામાં આવે છે.

ડિરેકટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) દ્વારા જારી કરાયેલા પરિપત્ર પ્રમાણે, આયાતકારો માટે પોર્ટલ ૧૩મી ડિસેમ્બરથી ખૂલશે અને ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી કાર્યરત રહેશે.આયાતકારો અનેકગણી અરજી કરી શકશે. ઓગસ્ટ ૨૦૨૩માં સરકારે લેપટોપ્સ,



પરસનલ કોમ્પ્યુટર્સ, ટેબ્લેટસ તથા સંબંધિત અન્ય આઈટેમ્સની મુકત આયાત પર મર્યાદાઓ જાહેર કરી હતી.

ઘરઆંગણેના ઉત્પાદકોને ટેકો પૂરો પાડવાના હેતુ સાથે આ નિર્ણય આવી પડયો હતો પરંતુ તે સામે વિરોધ થતાં નિર્ણય પછીથી બાજુ પર રખાયો હતો અને નવા વર્ષથી અમલી બનવાનો હતો. ભારતના નિર્ણય સામે આ માલસામાનના વૈશ્વિક ઉત્પાદકો તરફથી પણ વિરોધ ઉઠયો હતો અને પોતાની કામગીરી પર અસર પડશે તેવી ચિંતા વ્યકત કરવામાં આવી હતી. ઘરઆંગણે આ માલસામાનોનું ઉત્પાદન અપેક્ષિત સ્તરે હજુ પહોંચ્યું નથી. લેપટોપ્સ, પરસનલ કોમ્પ્યુટર્સ તથા ટેબ્લેટસની વધુ પડતી આયાત ભારત દ્વારા ચીન ખાતેથી કરવામાં આવે છે. લેપટોપ્સ, ટેબ્લેટસ તથા પરસનલ કોમ્પ્યુટર્સનું દેશમાં બજાર કદ દસ અબજ ડોલર જેટલું છે.

# રિલાયન્સની મેગાડીલઃ રશીયાની રોસનેફ્ટ પાસેથી ૧૩ અબજ ડોલરનું ઓઈલ ખરીદશે

નવી દિલ્હીઃ અબજોપતિ મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે રશિયાની રોસનેફ્ટ પાસેથી ૧૦ વર્ષ માટે દર વર્ષે ૧૨-૧૩ બિલિયન ડોલરના ક્રૂડ ઓઈલની આયાત કરવા માટેની એક મોટી ડીલ પર હસ્તાક્ષર કર્યા છે.રશિયન સરકારની માલિકીની ક્રૂડ ઓઈલ કંપની રોસનેફ્ટ રિલાયન્સને દરરોજ ૫ લાખ બેરલ (વર્ષે ૨.૫ કરોડ ટન) ક્રૂડ ઓઈલ સપ્લાય કરશે. ક્રૂડ ઓઈલના હાલના ભાવે આ ડીલ આશરે ૧૨થી ૧૩ અબજ ડોલરની થાય છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.ભારત અને રશિયા વચ્ચેની અત્યાર સુધીની આ સૌથી મોટી એનર્જી ડીલ છે. તેનાથી યુક્રેન પર આક્રમણના મુદ્દે પશ્ચિમી દેશોના પ્રતિબંધ વચ્ચે ભારત અને રશિયાના સંબંધો વધુ મજબૂત બનશે.

રિલાયન્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કંપની કોઈપણ સપ્લાય કોન્ટ્રાક્ટની ચોક્કસ વિગતો પર ટિપ્પણી કરતી નથી, કારણ કે તે ગોપનીય હોય છે. જોકે પ્રવક્તાએ જણાવ્યું હતું કે, રશિયા હાલમાં ભારત માટે ક્રૂડ ઓઈલનો સૌથી મોટો સપ્લાયર દેશ છે.અમે હંમેશા અમારી રિફાઈનરી માટે કાચો માલ ખરીદવા માટે રશિયા સહિત સંખ્યાબંધ આંતરરાષ્ટ્રીય સપ્લાયરો સાથે સંકળાયેલા છીએ. પ્રથા મુજબ આવા સપ્લાય કોન્ટ્રાક્ટ અગાઉથી કરવામાં આવે છે. બજારની સ્થિતિને આધારે કાર્ગોની સંખ્યા અલગ અલગ રહી શકે છે.ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણ પછી રશિયામાં ક્રૂડ ઓઈલની ભારતની ખરીદીમાં વધારો થયો છે અને ભારત બીજા ક્રમે સૌથી મોટો ખરીદદાર દેશ બન્યો છે. યુક્રેન યુદ્ધ પહેલા ભારત રશિયા પાસેથી તેની કુલ જરૂરિયાતનું માત્ર એક ટકા ક્રૂડ ઓઈલ ખરીદતું હતું, પરંતુ હવે તે પ્રમાણ વધીને આશરે ૪૦ ટકા થયું છે. ભાવની મર્યાદા અને યુરોપીયન દેશો મોસ્કોથી ખરીદી કરવાનું ટાળતા હોવાને કારણે રશિયા ભારતને ડિસ્કાઉન્ટ ભાવે ક્રૂડ ઓઈલ આપે છે.

# ડોલર સામે રૂપિયામાં ૮૪.૮૯નું નવું તળિયું

### અમેરિકામાં વ્યાજ દર ઘટવાની શક્યતા વચ્ચે વિશ્વ બજારમાં ડોલરનો ઈન્ડેક્સ ઘટયો



મુંબઈઃ મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ફરી ઉંચકાતાં રૂપિયો નવા તળિયે ઉતર્યો હતો. ડોલરના ભાવ વધી ઉંચામાં રૂ.૮૫ની નજીકના સ્તરે હવે પહોંચી ગયા છે તથા રૂ.૮૫ની સપાટી ટૂંકમાં જોવા મળશે એવી શક્યતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ડોલરના ભાવ રૂ.૮૪.૮૪ વાળા આજે સવારે રૂ.૮૪.૮૫ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૮૪.૮૩ થઈ ઉંચામાં ભાવ રૂ.૮૪.૮૯ની નવી ઉંચી ટોચ બતાવી છેલ્લે બંધ ભાવ રૂ.૮૪.૮૬ રહ્યા હતા. બંધ ભાવના સંદર્ભમાં પણ રૂપિયો આજે નવા તળિયે ઉતરી ગયો હોવાનું બજારમાં જણાવાઈ રહ્યું હતું. મુંબઈ શેરબજારમાં પીછેહટ તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં આગેકૂચના પગલે કરન્સી બજારમાં રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. જો કે અમુક સરકારી બેન્કોએ આજે ઉંચા મથાળે ડોલર વેંચ્યાની ચર્ચા પણ બજારમાં સંભળાઈ રહી હતી.

જો કે વિશ્વબજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ૦.૧૩ ટકા ઘટયાના સમાચાર મળ્યા હતા. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ૧૦૬.૭૧ વાળા નીચામાં ૧૦૬.૩૫ થઈ ૧૦૬.૫૭ રહ્યાના સમાચાર હતા. ભારતમાં રિઝર્વ બેન્કના નવા ગવર્નર વ્યાજ દરમાં ઘટાડો કરવાની તરફેણમાં હોવાના સમાચારની અસર રૂપિયા પર દેખાઈ છે. અમેરિકામાં ફેડરલ રિઝર્વની આવતા સપ્તાહમાં મળનારી મિટિંગમાં વ્યાજના દરમાં ઘટાડો કરાશે એવી ગણતરી વચ્ચે વિશ્વ બજારમાં ડોલરનો ઈન્ડેક્સ આજે દબાણ હેઠળ જોવા મળ્યો હતો.

દરમિયાન, મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ ઝડપી ૨૭ પૈસા વધ્યા હતા. પાઉન્ડના ભાવ ઉંચામાં રૂ.૧૦૮.૫૨ થઈ છેલ્લે ભાવ રૂ.૧૦૮.૨૮ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ ૧૨ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ. ૮૯.૩૮ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૯.૨૧ રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર સામે બ્રિટીશ પાઉન્ડ તથા યુરોના ભાવ ઉંચકાયાના સમાચાર મળ્યા હતા.

મુંબઈ બજારમાં રૂપિયા સામે જાપાનની કરન્સીમાં આજે ૦.૦૨ ટકાનો ધીમો ઘટાડો નોંધાયો હતો જ્યારે ચીનની કરન્સી ૦.૦૧ ટકા માઈનસમાં રહી હતી. દરમિયાન, ચીનથી મળેલા સમાચાર મુજબ ત્યાં અર્થતંત્રને પીઠબળ આપવા સરકાર વેરાકિય સ્ટીમ્યુલ્સ આપશે તથા બજેટ ડેફીસીટ વધારવા ઉપરાંત વ્યાજ દરમાં ઘટાડો કરવા માટે પણ ત્યાં વિચારણા ચાલી રહ્યાના સમાચાર મળ્યા હતા. મુંબઈમાં નોન-ડિલીવરેબલ ફોરવર્ડ માર્કેટમાં ડોલર માટે માગ વધ્યાની ચર્ચા હતી. ડોલર-રૂપીના પ્રીમિયમ પણ વધ્યા હતા.

## આગામી નાણાકીય વર્ષમાં નીતિગત વ્યાજ દરમાં ઘટાડો થવાનો કોઈ અવકાશ નથી

### રિઝર્વ બેન્કના નેતૃત્વમાં ફેરફારથી નીતિ દરના વલણ અને સંસ્થાકીય ક્ષમતામાં કોઈ ફરક પડશે નહીં



નવી દિલ્હીઃ વધતા છૂટક ફુગાવાના કારણે, ફેબ્રુઆરીમાં યોજાનારી આગામી નાણાકીય સમીક્ષા સાથે આગામી નાણાકીય વર્ષમાં નીતિગત વ્યાજ દરમાં ઘટાડો થવાનો કોઈ અવકાશ નથી તેમ એક વરિ અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું.

એક્સિસ બેન્કના મુખ્ય અર્થશાસ્ત્રી અને વડા પ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના પાર્ટ-ટાઇમ સભ્ય નીલકંઠ મિશ્રાએ જણાવ્યું હતું કે ભારતીય રિઝર્વ બેન્કના નેતૃત્વમાં ફેરફારથી નીતિ દરના વલણ અને સંસ્થાકીય ક્ષમતામાં કોઈ ફરક પડશે નહીં.

મોંઘવારી પર આરબીઆઈના દ્રષ્ટિકોણને કારણે, 'આગામી ૧૩-૧૪ મહિના' માટે વ્યાજ દરોમાં ઘટાડો કરવો શક્ય બનશે નહીં. તેમણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં સરેરાશ ફુગાવો ૪.૫ ટકા રહેવાની આગાહી કરી હતી. આગામી નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટર સિવાય કોર ફુગાવો ૪.૫-૫ ટકાની વચ્ચે રહેવાની ધારણા છે. આવી સ્થિતિમાં આરબીઆઈ પાસે પોલિસી દરોમાં ઘટાડો કરવાનો બહુ ઓછો અવકાશ રહેશે.જો આરબીઆઈ વૃદ્ધિને વેગ આપવા માટે તેના મુખ્ય દરોમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કરે તો પણ તે વૃદ્ધિને મદદ કરવા માટે 'નિર્ણાયક' પગલું નહીં હોય.

## માલભરાવાને પરિણામે પેસેન્જર વાહન પર અપાતું ડિસ્કાઉન્ટ ઓલટાઈમ હાઈ



મુંબઈઃ કાચા માલના ભાવમાં વધારો થતાં વાહન ઉત્પાદકો ખાસ કરીને કેટલાક ઊતારૂ વાહનોના ઉત્પાદકોએ જાન્યુઆરીથી કિંમતોમાં વધારો કરવાની ફરજ પડી છે ત્યારે બીજી બાજુ પ્રમાણમાં જંગી ઈન્વેન્ટરી ઉત્પાદકો માટે પડકારરૂપ બની રહી છે. ૨૦૨૫ના નવા વર્ષ પહેલા ઈન્વેન્ટરી ઘટાડવા વાહન ઉત્પાદકો દ્વારા રૂપિયા ૩.૭૦ લાખ સુધીના ડિસ્કાઉન્ટ ઓફર કરાઈ રહ્યા છે, જે અત્યારસુધીના સૌથી ઊંચા હોવાનું વાહન ઉદ્યોગના સુત્રો જણાવી રહ્યા છે.

ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા) દ્વારા જારી કરાયેલા ડેટા પ્રમાણે નવેમ્બરમાં ઊતારૂ વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૧૩.૭૨ ટકા ઘટી ૩,૨૧,૯૪૩ રહ્યું હતું જે ગયા વર્ષના નવેમ્બરમાં ૩,૭૩,૧૪૦ જોવા મળ્યું હતું. વર્તમાન વર્ષમાં દશેરા તથા દિવાળીના તહેવાર ઓક્ટોબરમાં જ રહ્યા હોવાથી ઓક્ટોબરમાં ઊતારૂ વાહનોનું વેચાણ ઊંચુ રહ્યું હતું જેને કારણે નવેમ્બરમાં વેચાણ મંદ રહેવા પામ્યું છે એમ ફાડાના સુત્રોએ જણાવ્યું હતું.

વાહનોનું વેચાણ મંદ રહેતા ગયા મહિને ઈન્વેન્ટરીનું સ્તર ૬૪થી ૬૫ દિવસ જેટલું ઊંચુ રહ્યું હતું. જાન્યુઆરી ૨૦૨૫થી વાહન ઉત્પાદકોએ ભાવ વધારો કરવાની જાહેરાત કરી છે. ઓક્ટોબરમાં દશેરા-દિવાળીના તહેવાર બાદ નવેમ્બરમાં લગ્નસરાની મોસમમાં ઊતારૂ વાહનોના વેચાણમાં અપેક્ષિત વધારો જોવા મળ્યો નથી.

ઊતારૂ વાહન ઉત્પાદકો પાસે હાલમાં ૬.૫૦ લાખ જેટલી કારનો માલભરાવો પડયો છે, જે સાનુકૂળ સ્તર કરતા ત્રણ ગણો હોવાનું જણાવાઈ રહ્યું છે. માલભરાવો ઘટાડવા કાર ઉત્પાદકોએ કિંમતમાં ૩થી ૪ ટકા ઘટાડો જાહેર કર્યો છે.

# ૧૦ એકરમાં નિર્માણ પામશે ઉમિયાધામ મંદિર, ખાતમૂહુર્ત

## શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે સંસ્કાર સિંચન અને રાષ્ટ્ર નિર્માણ માટે આધ્યાત્મિક ચેતના જરૂરી છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



રાજકોટ જિલ્લાના જશવંતપુર ગામ ખાતે ૧૦ એકરમાં ઉમિયાધામ મંદિરના ખાતમૂહુર્ત પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સમાજની પ્રગતિ સંસ્કારોથી થતી હોય છે. સમાજમાં સંસ્કાર સિંચન અને સામાજિક કાર્યોમાં જો આધ્યાત્મિક શક્તિ ભળે તો સમાજમાં દૂષણ આવતું અટકે છે. શ્રેષ્ઠ સમાજના નિર્માણ માટે સંસ્કાર સિંચન અને રાષ્ટ્ર નિર્માણ માટે આધ્યાત્મિક ચેતના જરૂરી છે. આ દિશામાં રાજ્ય સરકાર તેમજ સેવ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા 'સેવ કલ્ચર' ઝુંબેશ હાથ ધરી વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ ગૌરવપૂર્વક કહ્યું હતું કે, પાટીદાર સમાજ દ્વારા આરોગ્ય, શિક્ષણ (છાત્રાલયો) જેવા ધર્મ સેવા સાથે જનસેવાના ઉત્તમ કાર્યો થઈ રહ્યા છે. ઉમિયાધામના નિર્માણ માટે જોડાનાર દાતાઓ, સ્વયંસેવકો અન્ય સમાજોને પ્રેરિત કરે છે. પાટીદાર સમાજે પરંપરા અને આધુનિકતાનો સમન્વય સાધ્યો છે, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્ર નિર્માણના કાર્યોમાં સહભાગી થશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમાજ શક્તિથી રાષ્ટ્ર નિર્માણ અને ધર્મ સેવા સાથે સાંસ્કૃતિક ધરોહર, આધ્યાત્મિક ચેતનાના વિશિષ્ટ કાર્યો થયા છે. વડાપ્રધાન દ્વારા અયોધ્યામાં રામ મંદિર, કાશી, અંબાજી, મહાકાલ કોરિડોર, સોમનાથ તેમજ રામાયણ સર્કિટ, બૌદ્ધ સર્કિટ, વિવેકાનંદ સર્કિટ સાથે વિકાસ અને વિરાસતને ગૌરવાન્વિત ઊંચાઈ પર લઈ જવાનું કાર્ય થયું છે. રાજકોટ ખાતેના ઉમિયાધામના નિર્માણ હેતુ રાજ્ય સરકારે દસ એકર જમીન ફાળવી છે. જેમાં યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટ, વૃદ્ધો માટે એમ્યુઝમેન્ટ પાર્ક સહિતના સમાજોપયોગી કાર્ય થશે. આ માટે મુખ્યમંત્રીશ્રીએ ઉમિયાધામના આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે મા ઉમાની ભક્તિ સાથે સમાજના સર્વાંગી વિકાસના કાર્યો થતાં ભક્તિ સાથે સમાજમાં શકિતનો પણ સંચાર થશે તેમ જણાવી સમાજને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા આહવાહ્ન કર્યું હતું. સાંસદ પુરૂષોત્તમ રૂપાલાએ આ તકે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, રાજકોટનું ઉમિયાધામ શ્રધ્ધાનું કેન્દ્ર તો બનશે જ સાથો સાથ આ ઉમિયાધામ સામાજિક સંસ્થાના માધ્યમથી યુવાનોને વિકસવાની ઉત્તમ તકો ઉપલબ્ધ કરાવશે. ઉમિયાધામનાં માધ્યમથી વિરાસત સાથે વિકાસને જોડવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે. આ ખાતમૂહુર્ત પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો શુભેચ્છા સંદેશ વીડિયો પ્રસારિત કરવામાં આવ્યો હતો. મહાનુભાવોના હસ્તે દાતા, આગેવાનોને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સચિવાલયમાં હવે પ્લાસ્ટિકને બદલે કાચની બોટલોમાં પાણી અપાશે

## સચિવાલયમાં દરરોજ લગભગ ૮૦૦૦ – ૧૫૦૦૦ પ્લાસ્ટિકની પાણીની બોટલોનો ઉપયોગ થાય છેઃ કાચની બોટલ વાપરવાથી આ સિંગલ યુઝ પ્લાસ્ટિક ઓછું થશે





ગાંધીનગર ,તા.૧૪

ગુજરાતમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકને ઘટાડવા માટે નોંધપાત્ર પગલારૂપે, વન અને પર્યાવરણ વિભાગે રાજ્યનાં સચિવાલયમાં પ્લાસ્ટિકની બોટલોના ઉપયોગને નાબૂદ કરીને હાઈજેનિક પુનઉપયોગી કાચની પાણીની બોટલો પ્રદાન કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો છે.

તાપી જિલ્લામાં દક્ષિણ ગુજરાતનાં પદમ ડુંગરી ઈકોટુરિઝમ સાઈટ પરથી આદિવાસી મહિલાઓની આગેવાની હેઠળની ગ્રામ્ય સહકારી દ્વારા સ્થાપિત મોડેલને અમલમાં મૂકવાની અને ગાંધીનગર સચિવાલય સંકુલમાં કાચની પાણીની બોટલો રજૂ કરવાની સરકારની યોજના છે.

મુખ્ય મુખ્ય વન સંરક્ષક અને ફોરેસ્ટ ફોર્સના વડા, નિત્યાનંદ શ્રીવાસ્તવે રાજ્યભરમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા માટેનાં વિભાગનાં વિવિધ પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ‘‘દક્ષિણ ગુજરાતમાં અમારી ઈકોટુરિઝમ સાઈટ પદમ ડુંગરી ખાતે આ પહેલના ભાગ તરીકે, સ્થાનિક આદિવાસી મહિલા ગ્રામ સહકારી સંસ્થાની સહાયથી, અમે પ્લાસ્ટિકની બોટલના પાણીનાં વિકલ્પ તરીકે સ્થાનિક નદીનાં પાણીની કાચની સ્વચ્છ પાણીની બોટલિંગ સુવિધાની સ્થાપના કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ‘‘સરકારે રાજ્યનાં સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં ગાંધીનગર અને અન્યત્ર આ સિસ્ટમની નકલ કરવાની દરખાસ્ત કરી છે. સચિવાલયમાં સામાન્ય કામકાજના દિવસો દરમિયાન દરરોજ લગભગ ૮૦૦૦-૧૫૦૦૦ પ્લાસ્ટિકની પાણીની બોટલોનો ઉપયોગ થાય છે, જેમાં મોટાપાયે સિંગલ યુઝ પ્લાસ્ટિક એકત્ર થાય છે અને પ્રદુષણ પણ ફેલાય છે.

# રાજકોટમાં એન્જિનિયરિંગના છાત્રનું અપહરણ કરી ધમકી, સાત સામે ગુનો



રાજકોટ મૂળ જામજોધપુરના અને હાલ રાજકોટની લક્ષ્મણ ટાઉનશિપમાં ભાડાના ફલેટમાં રહી વીવીપી એન્જિનિયરિંગ કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતા ગૌતમ શૈલેષભાઈ મકવાણા (ઉ.વ.૨૨)નું અપહરણ કરી તેને ગાળો ભાંડી, જાનથી મારી નાખવાની ધમકી અપાયાની ફરિયાદ તાલુકા પોલીસમાં નોંધાઈ છે. જેના આધારે પોલીસે સાતેક શખ્સો સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

ફરિયાદમાં ગૌતમે જણાવ્યું છે કે ગઈ તા.૪ના રોજ બપોરે રાણી ટાવર પાસે વાળ કપાવવા ગયા બાદ ત્યાં બેઠો હતો ત્યારે રાણી ટાવરમાં જ ઓફિસ ધરાવતાં ભરત સોસા ઉર્ફે ભુરો, મયુર સોલંકી, અવિનાશ રાઠોડ અને નરેશ તેની પાસે આવ્યા હતા. જેમાંથી મયુરે તેને તમાચો ઝીંકી, ધક્કો મારી નીચે પાડી દીધો હતો. એટલું જ નહીં તેનું ટીશર્ટ પણ ફાડી નાખ્યું હતું. તેના સહિત તમામ આરોપીઓએ તેને ગાળો ભાંડી હતી. ભરતે પણ ગાળો આપતા કહ્યું કે તું અહીં મને પુછ્યા વગર બેઠો તો તને ખબર નથી કે અહીંનો ડોન કોણ છે, હવે બીજીવાર દેખાણો તો જીવતો નહીં મૂકું તેમ કહેતાં ત્યાંથી નીકળી ગયો હતો.

ત્યાર પછી પોતાના રૂમે જતો રહ્યો હતો. જયાં રાત્રે તે અને તેનો ભાઈ ચેતન સૂતા હતા ત્યારે સાડા ત્રણ વાગ્યાની આસપાસ હર્મિત, પરેશ ઉર્ફે પપ્પુ અને મુકેશ ઉર્ફે મુકો આઈ-૧૦ કાર લઈને આવ્યા હતા. તેના રૂમે આવી ત્રણેય આરોપીઓએ કહ્યું કે અમારા ભુરાભાઈ કહે એટલે દરવાજા તોડીને પણ તને ઉઠાવી લઈએ એટલે તારે પ્રેમથી કારમાં બેસી જવાનું છે કે નહીં. તેણે ના પાડતાં ત્રણેય આરોપીઓએ કહ્યું કે પ્રેમથી નીચે આવ નહીંતર અહીં ભવાડા થશે.

# ગધેથડમાં કાલે ધર્માનુષ્ઠાન, મુખ્યમંત્રીની ખાસ ઉપસ્થિતી

## આસપાસના ૧૧૫થી વધુ ગામ ધુમાડાબંધ જમશે, અનુષ્ઠાન, ગુરુપૂજન સહિતના કાર્યક્રમોમાં રાજકીય આગેવાનો ઉમટશે



**ગુરુદત્ત જયંતિ નિમિત્તે જે લોકો લાલબાપુને ગુરુ બનાવવા માંગતા હોય તેવા દરેક લોકો લાલબાપુની પૂજા કરશે, અને એક સાથે ૧૧૦૦ લોકો પૂજા કરે તે માટેની ખાસ વ્યવસ્થા ગોઠવાઇ છે.ગુરુદેવ લાલબાપુ પૂજન સવારે છ વાગ્યાથી શરૂ થઈ મોડી સાંજ સુધી ચાલશે જ્યારે ભોજન પ્રસાદ સવારે દસ વાગ્યાથી શરૂ થઈ મોડી રાત્રી સુધી ચાલશે.**





ઉપલેટાઃ ઉપલેટા તાલુકાના ગધેથડ મુકામે આવેલા ગાયત્રી આશ્રમ ખાતે રવિવારે દત્ત જયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. ગાયત્રી માતાના ઉપાસકો માટે દિવ્યધામ ગણાતા આશ્રમે લાલબાપુના માર્ગદર્શન અને નિશ્રામાં સમગ્ર આયોજનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ પાવન અવસરે સીએમ ભૂપેન્દ્ર પટેલ ખાસ ઉપસ્થિત રહી લાલબાપુના આશીર્વાદ લેશે તેમજ અન્ય રાજકીય અને સામાજિક આગેવાનો પણ આ અવસરે સહભાગી બનવાનું પૂણ્ય પ્રાપ્ત કરશે. આ દિવ્ય પ્રસંગે ગુરુપૂજન, અનુષ્ઠાન તેમજ મહાપ્રસાદ સહિતના દિવસભરના આયોજનો ઘડી કાઢવામાં આવ્યા છે અને તેની તૈયારીમાં અસંખ્ય સેવકો લાગી ગયા છે. આ અવસરે ગામેગામથી દોઢ લાખથી વધુ ભાવિકો ઉમટી પડશે તેવી આશા સેવાઇ રહી છે અને તે મુજબ વ્યવસ્થાને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ઉપલેટા તાલુકાના ગધેથડ ગામે યોજાનારા સમારોહમાં આસપાસના ૧૧૫ ગામ માટે ધુમાડાબંધ ગામ જમણની વ્યવસ્થા કરવામાં આવી છે અને દિવસ આખો મહાપ્રસાદ વિતરણ થશે. વેદમાતા ગાયત્રી માતાજી તેમજ મા લક્ષ્મી અને સરસ્વતી માતાજીની અસીમ કૃપા મેળવવા મુખ્યમંત્રી ઉપરાંત રાજકીય અને સામાજિ આગેવાનો હાજરી આપશે તેમજ ૧૧૦૦થી વધુ લાલબાપુનું પુજન કરી શિષ્યભાવ પ્રગટ કરશે. એકસાથે દોઢ લાખથી વધુ ભાવિકો આવશે તેવી સંભાવનાને ધ્યાને લઇ ભોજન, દર્શન તેમજ વાહન પાર્કિંગ સહિતની તમામ વ્યવસ્થાનું આગોતરું આયોજન કરી લેવાયું છે.

રવિવારે ઉજવાનારા દત્તજયંતિ સમારોહમાં લાલબાપુએ મનુષ્ય જ નહીં,અબોલ જીવોની પણ ખેવાના કરી છે અને લાલબાપુ દ્વારા એક નવતર આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઉપલેટા તાલુકામાં ગૌમાતા માટે નીરણ, ચકલા માટે ચણ, કુતરા માટે લાડવા, માછલા માટે બુંદી અને કીડી માટે કિડિયારું પુરવામાં આવશે. જેથી અહીંની પાવન ભૂમિ પર હાજર દરેક જીવ દિવ્ય દિવસની અનુભૂતિ કરે.ગુરુદત્ત જયંતિ નિમિત્તે જે લોકો લાલબાપુને ગુરુ બનાવવા માંગતા હોય તેવા દરેક લોકો લાલબાપુની પૂજા કરશે, અને એક સાથે ૧૧૦૦ લોકો પૂજા કરે તે માટેની ખાસ વ્યવસ્થા ગોઠવાઇ છે.ગુરુદેવ લાલબાપુ પૂજન સવારે છ વાગ્યાથી શરૂ થઈ મોડી સાંજ સુધી ચાલશે જ્યારે ભોજન પ્રસાદ સવારે દસ વાગ્યાથી શરૂ થઈ મોડી રાત્રી સુધી ચાલશે.ગુરુદત્ત જયંતિ નિમિત્તે ગધેથડ ખાતે ૨૫ વિઘામાં ભોજનાલયની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે આસપાસના ૧૧૫થી વધુ ગામ ધુમાડાબંધ અહીં ભોજન લેશે. સાથોસાથ મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેવાના હોવાથી વિશાળ પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે અને આ કાર્યક્રમને દિપાન્વિત કરવા હજારો સ્વયંસેવકો ખડે પગે રહી મહેનત કરી રહ્યા છે, સાથે આજ દિવસે આનંદ મેળો પણ યોજવામાં આવ્યો છે.

ૐકારા

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**એક નાનકડી ખીલી ટાયરમાં ઘુસી જાય તો ગમે તેવી ગાડીની ગતિ બદલી નાખે છે... એવી જ રીતે એક ખોટું કર્મ જીવનમાં ઘૂસી જાય તો જીવનની ગતિ અને પ્રગતિ બંને રોકી શકે છે... સમયની કિંમત કરીએ કર્મો પ્રત્યે સદા સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT

SAPPHIRE
Skyline



Magnificent
4 BHK Flats & Penthouses

KALAVID

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**

RAVI ENGLISH INSTITUTE ®

SINCE 2003

# Ravi ENGLISH INSTITUTE

Where Growth is A Way of Life

A/C Class

ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.

**SPOKEN ENGLISH**

**૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી**

## અંગ્રેજી આટલું સરળ?

એક વખત અચૂક મુલાકાત લો...

**Rasik Mehta**

**+919879329391**

Learn English Language With **Money Back** *Guarantee..*

**FREE TRIAL 3 DAYS**

## અમારી વિશિષ્ટતાઓ

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
- ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
- પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
- ૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.

**નવી બેચિઝ ટૂંક સમયમાં શરૂ.**



SCAN TO ENJOY VIDEO

FOLLOW US:
Ravi English Institute

**હેડઓફિસ :**
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો, બોમ્બે હાઉસીગ સોસાયટી મેઈન રોડ, રાજકોટ. **MO. 98793 29391**

**બ્રાન્ચ ઓફિસ :**
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
**MO. 98245 81306**

art house


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet


3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062